RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 243* Date: 30.06.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ઉત્તરાખંડઃ કાંવડિયાઓની સુરક્ષામાં ૧૦ હજાર સુરક્ષા કર્મચારી લાગશે, ડ્રોન અને સીસીટીવી કેમેરાથી દેખરેખ કરાશે

દહેરાદુન,તા.૨૯

ઉત્તરાખંડમાં કાંવડિયાઓની સુરક્ષા માટે પોલીસે ખાસ વ્યવસ્થા કરી છે આ વખતે શિવ ભકતોની સુરક્ષામાં સીસીટીવી અને ડ્રોનની સાથે લગભગ ૧૦ હજાર પોલીસ કર્મચારી તહેનાત કરવામાં આવશે ઉત્તરાખંડના ડીજીપી અશોકકુમારે આ બાબતમાં માહિતી આપી હતી.ડીજીપી અશોકકુમારે જણાવ્યું હતું કે શ્રાવણ મહીનામાં શિવ ભકતોની ભારે સંખ્યાને જોતા ડ્રોન અને સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરવામાં આવશે જયારે કડક સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સોશલ મીડિયાની દેખરેખ કરવામાં આવશે.કાંવડિયાઓથી સોશલ મીડિયાના માધ્યમથી શાંતિ બનાવી રાખવામાં પોલીસ અને સ્થાનિક પ્રશાસનને સહયોગ કરવાની અપીલ કરવામાં આવશે.ઉત્તરાખંડના ડીજીપીએ બીજા રાજયોના અધિકારીઓને પણ કહ્યું છે કે અમે આશા કરીએ છીએ કે પડોસી રાજય કાંવડ યાત્રાના નિર્ધારિત માર્ગોનો પ્રચાર કરે જેથી ચારધામ મસુરી અને દહેરાદુન આવનારા પર્યટકો અને શ્રધ્ધાળુઓને કોઇ સમસ્યા ન થાય તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશ હરિયાણા દિલ્હી હિમાચલ પ્રદેશ પંજાબ રાજસ્થાન અને અન્ય સ્થાનોથી આવનારા કાંવડિયાઓની સુરક્ષિત યાત્રા સુનિશ્ચિત કરવામાં આવશે.ડીજીપી કુમારે કહ્યું કે આ વર્ષ યાત્રા માટે હરિદ્વાર અને આસપાસના વિસ્તારને ૧૨ સુપર જોન,૩૧ જોન અને ૧૩૩ સેકટરોમાં વિતરીત કરવામાં આવ્યા છે અને વ્યવસ્થા બનાવી રાખવા માટે લગભગ ૧૦ હજાર સુરક્ષા કર્મચારી તહેનાત કરવામાં આવશે.એ યાદ રહે કે આ વખતે કોરોના મહામારીના કારણે ૨ વર્ષ બાદ કાંવડ યાત્રા થનાર છે જે ૧૪ જુલાઇથી ૨૬ જુલાઇ સુધી આયોજીત થશે કાંવડિયા(ભગવાન શિવના ભકત) યાત્રામાં પોતાના વિસ્તારોમાંથી શિવ મંદિરોમાં ચઢાવવા માટે હરિદ્વારમાં ગંગા નદીથી જળ એકત્રિત કરે છે.

# બાબા બર્ફાનીના દર્શન માટે શ્રદ્ધાળુઓનો પહેલો જત્થો રવાના

**આતંકી ખતરાને જોતા કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ યાત્રામાં સીઆરપીએફની બાઇક ટુકડીને પણ સામેલ કરવામાં આવી છે**







શ્રીનગર,તા.૨૯

જમ્મુ અને કાશ્મીરના એલજી મનોજ સિન્હાએ અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓની પ્રથમ ટુકડી રવાના કરી છે. બેઝ કેમ્પથી યાત્રાળુઓની પ્રથમ ટુકડી રવાના કરવામાં આવી છે. અમરનાથ યાત્રા ૩૦ જૂનથી શરૂ થઈ રહી છે. આ વખતે અમરનાથ યાત્રા બે વર્ષના અંતરાલ પછી શરૂ થઈ રહી છે. અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

એક ભક્તે કહ્યુ કે અમે બાબા ભોલેનાથની પૂજા કરવા માટે બે વર્ષથી રાહ જોઈ રહ્યા હતા, આ યાત્રા શરૂ થવાથી અમે ખૂબ જ ખુશ છીએ. અમરનાથ યાત્રાને ધ્યાનમાં રાખીને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ઉધમપુર જિલ્લામાં કાલી માતા મંદિરમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે.

મળતી માહિતી મુજબ કાશ્મીરથી આજે ત્રણ હજારથી વધુ શ્રદ્ધાળુઓ અમરનાથ યાત્રા માટે રવાના થયા છે. કોરોનાના કારણે છેલ્લા બે વર્ષથી અમરનાથ યાત્રા રોકી દેવામાં આવી હતી પરંતુ હવે સ્થિતિ સામાન્ય થયા બાદ ફરી એકવાર આ યાત્રા શરૂ કરવામાં આવી છે. યાત્રા પર આતંકી ખતરાને જોતા કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ યાત્રામાં સીઆરપીએફની બાઈક ટુકડીને પણ સામેલ કરવામાં આવી છે. આ ટુકડી ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ રેખા પર નજર રાખશે. યાત્રા પહેલા લશ્કરે આ અંગે ધમકી આપી છે.

### ઉદયપુરમાં તાલિબાની હત્યાઃ કનૈયાલાલના અંતિમ સંસ્કાર કરાયા;

## હત્યારાઓને ફાંસી આપો, નહીંતર તેઓ બીજા વધુ લોકોને મારશે : કનૈયાલાલની પત્નિ

ઉદયપુર,તા.૨૯

ઉદયપુરમાં માર્યા ગયેલા કનૈયાલાલના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. તેમના અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો શહેરના સૌથી મોટા સ્મશાન ઘાટ અશોક નગર પહોંચ્યા હતાં અને કનૈયાલાલને અંતિમ વિદાય આપી હતી અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતાં અને સુત્રોચ્ચાર કરી રહ્યાં હતાં કે આરોપીઓને તાકિદે ફાંસી આપો,ફાંસી આપો

આ ઘટનાના વિરોધમાં આજે સમગ્ર શહેર બંધ રહ્યું હતું. આ પહેલા જ્યારે પોસ્ટમોર્ટમ બાદ તેમના મૃતદેહને ઘરે લઈ જવામાં આવ્યો ત્યારે ઘરમાં અફરાતફરી મચી ગઈ હતી. તેમની પત્નીએ કહ્યું કે હત્યારાઓને ફાંસીની સજા મળવી જોઈએ, નહીં તો આ લોકો ઘણા લોકોને મારી નાખશે. કનૈયાની પત્ની યશોદો સરકારથી પણ નારાજગી વ્યકત કરી હતી તેમણે કહ્યું કે સરકારથી શું આશા કરૂ હવે તે શું કરશે મારો પતિ તો ચાલ્યો ગયો તેમનું કહેવું હતું કે અમને ન્યાય અપાવો,મોદીથી વાત કરાવો અશોક ગહલોત સાથે વાત કરાવો મારા બાળકોને નોકરી અપાવો ૩૧ લાખમાં પુરી જીંદગી નિકળી જશે મારી પોલીસને એ ફરિયાદ છે કે ન્યાય અપાવો મારા પતિની સાથે જે થયું તે લોકોની સાથે પણ એવું જ કરો.તેમણે કહ્યું કે ઘરમાં પતિ જ એકલો કમાનાર હતો પરિવારમાં તેમને અને તેમના બે પુત્રો સહિત ચાર નણંદ સાસુ અને ભત્રીજો પણ છે.પરિવાર માટે બસ એટલી જ આવક થાય છે કે ખર્ચ નિકળી જાય છે પેટ ભરીને ખાઇ લઇએ છીએ

મૃતકની બેન ભગવતી દેવીએ કહ્યું હતું તેમના ભાઇ સાથે વાત થઇ હતી તેમણે કહ્યું હતું કે તે રાતમાં પોલીસ સ્ટેશન રોકાયો અને ધમકી આપનારાની સાથે સમજૂતિ થઇ બેન ભગવતીએ પોતાના ભાઇના પુત્રો માટે પાક્કી સરકારી નોકરી અને ભાભીના ગુજરાન માટે રકમની માંગ સરકારને કરી છે.વૃધ્ધ માતા કૌંદરી દેવીને પણ પોતાના પુત્રના મોતનું દુખ છે પરંતુ હત્યારાઓની કરતુત પર જબરજસ્ત ગુસ્સો પણ છે.તેમણે પોતાના પુત્ર માટે ન્યાયની માંગ કરી છે. વિપક્ષના નેતા ગુલાબચંદ કટારિયા પણ પરિવારજનોને મળવા ઉદયપુરની એમબી હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે સરકારનાં ગુપ્તચર વિભાગની આ નિષ્ફળતા છે.





ગુનેગારોમાં હવે કોઈ ડર રહ્યો નથી. અત્યાર સુધી ઘણા એસએચઓને હટાવ્યા નથી.

તાલિબાનોની જેમ હત્યા કર્યા બાદ ઉદયપુરમાં ઠેર-ઠેર પોલીસ તહેનાત કરવામાં આવી છે. ૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. સમગ્ર રાજસ્થાનમાં ૨૪ કલાક ઈન્ટરનેટ બંધ છે અને એક મહિના માટે કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. વહીવટીતંત્રે ભીડ એકત્ર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે અને આ દરમિયાન ભાજપે ઉદયપુર બંધનું એલાન આપ્યું હતાં જેને લઈને શહેર મોટાભાગે બંધ રહ્યું હતું જો કે કનૈયાલાલની હત્યાના ૪ કલાક બાદ બે આરોપીઓ ગૌસ મોહમ્મદ અને રિયાઝ જબ્બરની ધરપકડ કરવામાં આવી છે.કનૈયાલાલની હત્યા કર્યા બાદ આરોપી મોહમ્મદ રિયાઝ અને મોહમ્મદ ગૌસ તેમની બાઈક પર નાથી જવા માટે નીકળ્યા હતા. પરંતુ આ દરમિયાન ડીએસટીની ટીમે રાજસમંદ પોલીસની મદદથી બંને આરોપીઓની ભીમ વિસ્તારમાંથી ધરપકડ કરી લીધી હતી. ડીએસટી ટીમના પ્રહલાદસિંહને મળેલી ટીપના આધારે ડીએસટીની ટીમે સમયસર બંનેની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ બાઈક પરથી ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા, તેઓને નાકાબંધી કરીને ઝડપી લેવામાં આવ્યા હતા.


જોધપુરથી જયપુર જતા સમયે અશોક ગેહલોતે ઉદયપુરની ઘટના પર કહ્યું- શું પ્લાન અને ષડયંત્ર હતું. કોની લિંક છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કડી શું છે. આ તમામ બાબતો બહાર આવશે. આ ઘટના સામાન્ય નથી. કેટલાક અસામાજીક તત્વો હોઈ શકે છે. આ મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે. જે પણ જાણવા મળશે, તે હું જણાવીશ.સીએમ જોધપુર એરપોર્ટ પહોંચ્યા બાદ ઉદયપુર કેસમાં નિવેદન જારી કર્યું. તેમણે કહ્યું - આ ખૂબ જ ચિંતાનો વિષય છે. કોઈની હત્યા ચિંતાજનક છે. સમગ્ર દેશમાં તણાવનું વાતાવરણ સર્જાયુ છે. વાતાવરણ સારું નથી.

એ યાદ રહે કે દુકાનમાં ઘૂસીને દરજી કનૈયાલાલ સાહુની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. આરોપીઓએ આ ઘટનાને અંજામ આપ્યો હતો તેમજ વીડિયો બનાવી વડાપ્રધાન મોદીને પણ ધમકી આપી હતી. હત્યા બાદ પરિવારે કેટલીક માંગણીઓ કરી હતી. આ અંગે સંમતિ મળ્યા બાદ કનૈયાલાલના મૃતદેહને શબઘરમાં રાખવામાં આવ્યો હતો. મૃતકનાં પરિવારજનોને ૩૧ લાખ સહાય અને બંને પુત્રોને નોકરીની ખાતરી આપવામાં આવી છે. બેદરકારી દાખવવા બદલ ધાનમંડી પોલીસ સ્ટેશનના એએસઆઈ ભંવરલાલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇ પર બાયોપિકની જાહેરાત, આગામી વર્ષ ક્રિસમસ પર રિલીઝ થશે

નવીદિલ્હી,તા.૨૯

ઇંડિયન સિનેમામાં અત્યાર સુધી અનેક સ્પોટ્ર્સ પર્સન,લેજેન્ડ્સ અને રાજનેતાઓ પર બાયોપિક બની ચુકી છે.હવે દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઇની જીંદગી પર બાયોપિક બનવા જઇ રહી છે પ્રોડયુસર સંદીપ સિંહે ફિલ્મનું પોસ્ટર શેર કરી આ બાયોપિકની જાહેરાત કરી છે જયારે ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શે પણ પોસ્ટર શેર કરી ફિલ્મની માહિતી આપી છે.



સંદીપ સિંહે ઇસ્ટાગ્રામ પર લખ્યું છે કે અટલ બિહારી બાજપાઇજી ભારતીય ઇતિહાસના મહાનતમ નેતાઓમાંથી એક છે.જેમણે પોતાના શબ્દોથી દુશ્મનોના દિલ જીતી લીધા.તેમણે સકારાત્મક રીતે દેશનું નેતૃત્વ કર્યું અને પ્રગતિશીલ ભારતનો નકશો તૈયાર કર્યો.એક ફિલ્મ નિર્માતા હોવાને કારણે મને લાગે છે કે સિનેમા એવી અનકહી કહાનીઓને બતાવવાનું સૌથી બેસ્ટ સુત્ર છે.જે ફકત રાજનીતિક વિચારધારાઓને જાહેર કરશે એટલું જ નહીં તેમના માનવીય પાસાઓ અને પોએટિક પાસાઓને પણ,જેને કારણે તે વિરોધ પક્ષના સૌથી પ્રિય અને દેશના સૌથી પ્રગતિશીલ વડાપ્રધાન બન્યા તરણ આદર્શે ફિલ્મના ટાઇટલનો ખુલાસો કર્યો છે તેમના જણાવ્યું હતું કે મેં રહૂ યા ના રહૂં યે દેશ રહના ચાહિએ.અટલ નામ પર બની રહેલ ફિલ્મની કહાની લેખક એનપી ઉલ્લેખ દ્વારા લખવામાં આવેલ પુસ્તક ધ અનટોલ્ડ બાજપાઇ પોલિટિકલ એન્ડ પેરાડોકસનું રૂપાંતરણ હશે.૨૦૨૩માં ફિલ્મ બનવાની પ્રક્રિયા શરૂ થશે અને તેને અટલ બિહારી બાજપાઇના ૯૯મી જયંતિ એટલે કે ક્રિસમસ ૨૦૨૩ પર રીલીઝ કરી દેવામાં આવશે

ફિલ્મને વિનોદ ભાનુશાલી,સંદીપ સિંહ,સૈમ ખાન વિશાલ ગુરનામી અને કમલેશ ભાનુશાળી પ્રોડયુસ કરી રહ્યાં છે જયારે જુહી પારેખ જીશાન અહમદ અને શિવ વર્મા તેના સહ નિર્માતા છે હાલ ફિલ્મના ડાયરેકટર અને કાસ્ટનો ખુલાસો કરવામાં આવ્યો નથી.ફિલ્મમાં અટલજીના બાળપણથી લઇ રાજનેતા બનાવા સુધીની કહાની જોવા મળશે એવી અનેક વાતો છે અને ઘટના છે જેની બાબતમાં ઓછા લોકો જાણે છે હવે તે કિસ્સા અને કહાનીઓને ફિલ્મમાં સમેટી મોટા પડદા પર બતાવવામાં આવશે.અટલ બિહારી બાજપાઇ ભાજપના વરિષ્ઠ નેતા અને ભારતીય જનસંઘના સંસ્થાપક હતાં તે એક જાણીતા કવિ અને લેખક પણ હતાં વર્ષો સુધી દેશની સેવા કર્યા બાદ ૧૬ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ ૯૩ વર્ષની વયે અટલ બિહારી બાજપાઇએ દુનિયાને અલવિદા કહી હતી.

## ભારતમાં કોરોનાના કેસમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૫૦૬ નવા કેસ

નવીદિલ્હી,તા.૨૯

ભારતમાં કોવિડ-૧૯ના કેસોમાં ૨૩ ટકાનો ઉછાળો આવ્યો છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૫૦૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે આ સમયગાળામાં કોરોના વાયરસને કારણે ૩૦ લોકોના મોત થયા છે. જણાવી દઈએ કે ગઈકાલે કોરોનાના કેસોમાં ઘટાડો થયો હતો અને ૧૧,૭૯૩ કેસ નોંધાયા હતા. આજે કોરોનાના નવા કેસોમાં વધારો જોવા મળ્યો છે. હાલમાં દેશમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૯૯,૬૦૨ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૫૭૪ લોકો કોરોનાથી સાજા થયા છે. અત્યાર સુધીમાં દેશમાં કોરોનાના કુલ ૪૩,૪૩૩,૩૪૫ કેસ નોંધાયા છે. કોરોનાના કારણે મૃત્યુની કુલ સંખ્યા ૫૨૫,૦૭૭ છે.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૪૪,૭૮૮ રસી આપવામાં આવી છે. જ્યારે દેશમાં અત્યાર સુધીમાં કુલ રસીકરણનો આંકડો ૧,૯૭,૪૬,૫૭,૧૩૮ પર પહોંચી ગયો છે.

દિલ્હીમાં કોરોના વાયરસના ચેપના ૮૭૪ નવા કેસ નોંધાયા છે. જ્યારે ચેપને કારણે ચાર લોકોના મોત થયા છે.

## ભારતમાં તાલિબાની માનસિકતાને જગ્યા નહિ આપીએઃ અજમેર દરગાહના પ્રમુખ

જયપુર,તા.૨૯

ઉદયપુરમાં એક દરજીની ધોળે દિવસે હત્યાએ સમગ્ર દેશને હચમચાવી મૂક્યો છે. સહુ કોઈ આ ઘટનાની નિંદા કરી રહ્યા છે. ઉદયપુર હત્યાકાંડ બાદ હવે અજમેર દરગાહ દીવાન જૈનુલ આબેદિન અલી ખાનની પ્રતિક્રિયા પણ આવી છે. આ ઘટનાની નિંદા કરતા તેમણે કહ્યુ કે ભારતના મુસ્લિમો દેશમાં ક્યારેય તાલિબાની માનસિકતા સામે આવવા દેશે નહિ. ઉદયપુરમાં બે માણસોએ એક દરજીની હત્યા કરી અને એક વીડિયો ઑનલાઈન પોસ્ટ કર્યો કે તેઓ ઈસ્લામના અપમાનનો બદલો લઈ રહ્યા છે.

જૈનુલ આબેદિન અલી ખાને એક નિવેદનમાં કહ્યુ, 'કોઈ પણ ધર્મ માનવતા વિરુદ્ધ હિંસાને પ્રોત્સાહન આપતો નથી. તમામ ઉપદેશો, ખાસ કરીને ઈસ્લામ ધર્મમાં, શાંતિના સ્રોત તરીકે સેવા આપે છે.' તેમણે કહ્યુ કે, 'ઈન્ટરનેટ પર સામે આવેલા ભયાનક વીડિયોમાં અમુક બિન-નૈતિક માનસિકતાઓએ એક ગરીબ પર નિર્દયતાથી હુમલો કર્યો. જેને ઈસ્લામિક દુનિયામાં પાપ ગણવામાં આવે છે. આરોપીઓ કેટલાક કટ્ટરવાદી જૂથોનો ભાગ હતા જે હિંસા દ્વારા ઉકેલ શોધે છે.

તેમણે વધુમાં કહ્યુ, 'હું આ કૃત્યની સખત નિંદા કરુ છુ અને સરકારને વિનંતી કરુ છુ કે તેઓ તેમની સામે કડક કાર્યવાહી કરે. ભારતના મુસ્લિમો ક્યારેય તાલિબાની માનસિકતાને આપણી માતૃભૂમિમાં સામે આવવા દેશે નહિ.' વળી, જમિયત ઉલેમા-એ-હિંદના મહાસચિવ મૌલાના હકીમુદ્દીન કાસમીએ પણ હત્યાની નિંદા કરી હતી.

તેમણે એક નિવેદનમાં કહ્યુ કે, 'જેણે પણ આ ઘટનાને અંજામ આપ્યો છે તેને કોઈપણ રીતે ન્યાયી ઠેરવી શકાય નહિ, તે દેશના કાયદા અને આપણા ધર્મની વિરુદ્ધ છે.'

## તંત્રી સ્થાનેથી...

# વિચારધારાના બહાને



*રાષ્ટ્રપતિ પદ માટે વિપક્ષના ઉમેદવાર યશવંત સિંહા તરફથી નામાંકન પત્ર દાખલ કરાયા બાદ રાહુલ ગાંધીનું એ કથન કેટલાય પ્રશ્નો ઊભા કરે છે કે આ બે વ્યક્તિઓની નહીં, પરંતુ બે વિચારધારાઓની લડાઈ છે. આખરે તેઓ કોની વિચારધારાની વાત કરી રહ્યા છે, કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી દળોની કે પછી યશવંત સિંહાની? જો યશવંત સિંહાની વિચારધારાની વાત કરીએ તો તેઓ લાંબા સમય સુધી ભાજપમાં રહ્યા છે. તેમણે પોતાના રાજકીય જીવનની શરૂઆત જનતા પાર્ટી સાથે કરી હતી. ત્યારબાદ તેઓ પહેલાં વી.પી. સિંહના જનતા દળ સાથે જોડાયા અને પછી ચંદ્રશેખરની સમાજવાદી જનતા પાર્ટી સાથે. ત્યારબાદ તેમણે ભાજપનો હાથ પકડ્યો. ભાજપમાં રહેતી વખતે તેમણે કોંગ્રેસની કઠોર ટીકા જ નથી કરી, બલ્કે એમ કરતાં તેમણે ભાષાની મર્યાદાનું પણ ઉલ્લંઘન કરેલું. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યાના થોડા સમય બાદ તેઓ તેમના નિંદક બની ગયા અને એક રીતે એ જ તેમની ઓળખ રહી ગઈ. આ જ ઓળખના સહારે તેઓ તૃણમૂલ કોંગ્રેસમાં સામેલ થઈ ગયા. આખરે જેણે આટલા પક્ષોની યાત્રા કરી હોય, તેની વિચારધારા વિશે શું કહેવું?*

*યશવંત સિંહા મમતા બેનર્જીની પહેલથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બન્યા, પરંતુ ત્યારે, જ્યારે શરદ પવાર, ફારુક અબ્દુલ્લા અને ગોપાલ કૃષ્ણ ગાંધી રાષ્ટ્રપતિ ચૂંટણી લડવાનો ઈનકાર કરી દીધો હતો. સમસ્યા ફક્ત એટલી નથી કે તેઓ વિપક્ષની ચોથી પસંદ છે, પરંતુ એ પણ છે કે તેમને તમામ વિપક્ષી દળોનું સમર્થન પણ નથી મળેલું. તેમની સમસ્યા એટલા માટે વધી ગઈ છે, કારણ કે ભાજપ દ્વારા જનજાતિ સમુદાયનાં દ્રૌપદી મુર્મૂને રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર જાહેર કરાયા બાદ કેટલાય પક્ષો સામે એ દુવિધા ઊભી થઈ ગઈ કે તેઓ તેમનો વિરોધ કઈ રીતે કરે. તેમની આ દુવિધા યશવંત સિંહા દ્વારા નામાંકન દાખલ કરતી વખતે પણ જોવા મળી. ઝારખંડ મુક્તિ મોરચા અને આમ આદમી પાર્ટીના નેતાઓએ તેમના નામાંકન વખતે ગેરહાજર રહેવું જ યોગ્ય માન્યું. એ સ્વાભાવિક પણ છે, કારણ કે વંચિત વર્ગોના હિતોની ચિંતાના નામે વોટ લેનારો કોઈપણ પક્ષ એ સંદેશ આપવાનું જોખમ ન ઉઠાવી શકે કે તે જનજાતિ સમુદાયની મહિલાને રાષ્ટ્રપતિ પદ પર બેસતાં જોવાના પક્ષમાં નથી. જો કોંગ્રેસને એ સાધારણ વાત પણ સમજાતી ન હોય તો તેનું એ જ કારણ હોઈ શકે કે તે ખુદ પોતાની મૂળ વિચારધારાથી ભટકી ચૂકી છે. વિચારધારાના નામે કોંગ્રેસ માત્ર એ વિચારથી જ ગ્રસ્ત છે કે તેણે કોઈપણ સ્થિતિમાં મોદી સરકારનો વિરોધ કરવાનો છે. એ વિરોધ પણ અંધવિરોધમાં બદલાઈ ચૂક્યો છે અને એટલે જ આજે ખુદ કોંગ્રેસજનોએ પણ એ સમજવું મુશ્કેલ છે કે તેમનો પક્ષ કઈ વિચારધારા પર ચાલી રહ્યો છે!*

# ગુરૂ વચનામૃત...

## ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છતાં જેના મનની સ્થિતિ એકરસ રહે તે ભક્ત



सदगुरू माता सुदीक्षाजी

ભક્ત ધન દૌલતથી ભરપુર હોવા છતાં ખૂબ જ વિદ્વાન હોવા છતાં તે તન મન ધનનું કે પોતાની વિદ્વતાનું અભિમાન કરતા નથી, તેમનામાં વિનમ્રભાવ અને દાસભાવના ભરેલી હોય છે.આજનો મનુષ્યન રત્તીભર કામ કરીને તેની પહાડ જેટલી ચર્ચા કરે છે.ભક્ત પહાડ જેટલું કામ કરીને રાઈભર પણ તેની ચર્ચા કરતા નથી.ભક્ત સંપૂર્ણ માનવજાતિના પ્રત્યે સદભાવ રાખે છે.ભક્તો પરહિતના માટે ફક્ત પ્રાર્થના જ નથી કરતા પરંતુ પ્રયત્નો પણ કરે છે.પ્રાર્થનાની સાથે તેના અનુરૂપ કર્મ આવશ્યક છે.

અમારે ભક્ત જેવું જીવન જીવવાનું છે.રાત-દિવસ નિરાકાર પ્રભુ પરમાત્માની હાજરીનો અનુભવ કરી જીવન જીવવાનું છે.પ્રભુનો ડર રાખીને સુંદર પવિત્ર જીવન જીવવાનું છે.માલિકની રચનાની સાથે પ્રેમ કરવાનો છે.કોઈ એવાં વચનો ન બોલવા કે જેનાથી બીજાના દિલને ઠેસ પહોચે..પોતાના વ્યવહારમાં કટુતા ક્યારેય ન લાવવી.શાંત સ્વભાવ સરળ જીવન સહનશીલતા સહિષ્ણુતા સંવેદનશીલતા સમરસતા પ્રેમ નમ્રતા અને સમદ્રષ્ટિ વગેરે..ગુણો ભક્ત હોવાનાં પ્રમાણ છે.સંતુષ્ટિ કરૂણા દયા અને પ્રેમની ભાવના ભક્તના જીવનમાં દેખાવવી જોઈએ.

ભક્ત ભલે ગમે તે યુગમાં આવ્યા તેમને હંમેશાં સંસારના ભલા માટે જ કામના કરી છે અને પોતાનો એક એક શ્વાસ આ કાર્ય માટે સમર્પિત કર્યો છે,તેમને પોતાનું જીવન સહજતા..પ્રેમ અને સુખદભાવથી વ્યતિત કર્યું છે.આવું જીવન જીવીને તેમને સંસારને માર્ગદર્શન આપ્યું.સંસારના માનવોને જીવન જીવવાની રીત શીખવી.ભક્ત કોઈપણ દેશમાં રહેતા હોય, કોઈપણ સમાજમાં નિવાસ કરતા હોય તેમછતાં તેમનું એક જ લક્ષ્ય હોય છે કે અજ્ઞાનતાના અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ સ્થાપિત કરવો.

જે પ્રભુના બનાવેલ માનવોની સાથે પ્રેમ કરે છે તે જ સાચા અર્થમાં પ્રભુની સાથે પ્રેમ કરે છે. ભક્તજનો તપ અને ત્યાગની ભાવનાથી,વિનમ્રતા અને નિર્મલતાના ભાવમાં રહી પ્રેમને જ મહત્તા આપે છે.

અમારે ભક્ત જેવું જીવન જીવવાનું છે.રાત-દિવસ નિરાકાર પ્રભુ પરમાત્માની હાજરીનો અનુભવ કરી જીવન જીવવાનું છે.પ્રભુનો ડર રાખીને સુંદર પવિત્ર જીવન જીવવાનું છે.માલિકની રચનાની સાથે પ્રેમ કરવાનો છે.કોઈ એવાં વચનો ન બોલવા કે જેનાથી બીજાના દિલને ઠેસ પહોચે..પોતાના વ્યવહારમાં કટુતા ક્યારેય ન લાવવી.સાચો ભક્ત દિવસ રાત દરેક સમયે સદગુરૂની મહિમા ગાવામાં નિમગ્ન રહે છે,તે સમર્પિત ભાવથી પૂર્ણ શ્રધ્ધા-વિશ્વાસ તથા આસ્થાથી સદગુરૂના પ્રત્યે નિષ્ઠાવાન હોય છે.

સદગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ જે ગુરૂભક્ત આ જ્ઞાનને જીવનમાં ઉતારે છે અને પ્રભુના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે તે જ સાચો ગુરૂભક્ત છે.જ્ઞાન પ્રાપ્તિ પછી શિષ્યમાં પોતાના સદગુરૂ અને પરમાત્મા ઉપર વિશ્વાસ આવી જાય છે.સદગુરૂ જે કઈ કહે છે તે સત્ય છે અને પ્રભુ પરમાત્મા જે કંઈ કરે છે તેમાં અમારૂં હિત સમાયેલું હોય છે.તેમનો દ્દષ્ટિકોણ એવો બની જાય છે કે:તે દરેકમાં સદગુણો જ જુવે છે અને ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમાં પોતાની મનઃસ્થિતિ એક સરખી રાખી પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.હંમેશાં પ્રસન્ન રહે છે.

ભક્તજનો પરોપકારી હોય છે,તે માનવમાત્રને સંદેશ આપે છે કે હે માનવ..! સત્ય પરમાત્માનો બોધ કરી લે, તેમને જાણીને-માનનીને ભક્તિ કરી લે.તેનું જ નૂર ઘટ ઘટમાં સમાયેલું જોઈ નફરતની તમામ દિવાલો પાડી દે અને ભાઈચારાની ભાવનાથી યુક્ત બની એક માનવ પરીવારનું અંગ બનીને રહે.

ભક્ત ધન દૌલતથી ભરપુર હોવા છતાં, ખૂબ જ વિદ્વાન હોવા છતાં તે તન મન ધનનું કે પોતાની વિદ્વતાનું અભિમાન કરતા નથી,તેમનામાં વિનમ્રતા અને દાસભાવના ભરેલી હોય છે.ભક્તના જીવનમાં માન-સન્માન, યશ-કિર્તિની કોઈ લાલસા હોતી નથી.ભક્તની અર્પણ ભાવનાના કારણે બીજાના દ્દષ્ટિનકોણનો આદર કરવાના કારણે ભક્તનું પ્રેમભર્યું દિલ સમગ્ર જગતને પોતાનો જ પરીવાર જુવે છે.

જે જ્ઞાની ભક્ત હોય છે જેમને સદગુરૂની કૃપાથી પ્રભુ પરમાત્માની ઓળખાણ કરી લીધી હોય છે તે આ જગતમાં રહેવા છતાં શરીરના માધ્યમથી પ્રભુ પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહેતા હોય છે.

સંસારમાં કોઈપણ મનુષ્યને કોઈપણ પ્રકારનું સુખ પ્રાપ્ત થાય છે તો તે એમ જ સમજે છે કે બસ ! હું જ સુખી બનેલો રહું અથવા મારો પરીવાર જ સુખી રહે ! પરંતુ ભક્તના હ્રદયમાં આવી ભાવના હોતી નથી.ભક્ત સમગ્ર સંસારના માટે સુખોની કામના કરે છે.ભક્તના હ્રદયમાં એવી ભાવના હોય છે કે જેવી રીતે મેં આ આત્મિક સુખને મેળવ્યું છે.આ આત્મિક સુખ સંસારમાં વસનાર તમામ પ્રાણીઓ પણ મેળવે.આ આત્મિક સુખ પરમાત્માને જાણવાથી જ પ્રાપ્ત થાય છે અને ત્યારબાદ માનવને દરેક જગ્યાએ એક પરમાત્માનું નૂર જ નજરમાં આવે છે તથા વૈર-વિરોધ અને નફરતની ભાવના આપોઆપ દૂર થાય છે. માનવમાત્રને સુખી જોવાની ભક્તોમાં અદમ્ય અભિલાષા હોય છે.ભક્તોનું કર્મ જ એ હોય છે કે તમામને મૂળ સત્ય(પરમાત્મા)ની સાથે જોડવામાં આવે.

ભક્ત થવા માટે અંતઃકરણને શુદ્ધ કરવું પડે છે.ભક્તના અંતઃકરણમાં પ્રાણીમાત્ર સાથે મૈત્રી તથા દયાનો વ્યવહાર હોય છે.તે બીજા માટે જે કંઈ કરે છે તે કર્તવ્ય તરીકે નહી પરંતુ સ્નેહથી કરે છે.પોતાનું અનિષ્ટ કરવાવાળા પ્રત્યે પણ ભક્ત મિત્રતાનો વ્યવહાર કરે છે.ભક્તનો પ્રાણીમાત્રના પ્રત્યે પ્રેમ મૈત્રી અને કરૂણાનો ભાવ રહે છે તો પણ તેમની કોઈના પ્રત્યે સહેજપણ 'મમતા'' હોતી નથી.ભક્તની દ્દષ્ટિણમાં એક પ્રભુ પરમાત્મા સિવાય અન્ય કોઈની સત્તા અને મહત્તા ન રહેવાથી તેનામાં આ વિકારો ઉત્પન્ન થતા જ નથી.

મારાપણાનો ભાવ અને અહમ જ મનુષ્ય?ને સંસારમાં બાંધે છે,ભક્ત આ મમતાથી રહીત હોય છે.ભક્ત સુખ-દુઃખની પ્રાપ્તિમાં સમાન રહે છે.ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છતાં જેના મનની સ્થિતિ એકરસ રહે તે ભક્ત.

જે ભક્ત હોય છે તે બીજાને ખવડાવીને ખુશ રહે છે.બીજાઓને માન-સન્માન આપીને પોતાના હ્રદયમાં પ્રસન્નતાનો અનુભવ કરે છે. ભક્ત વિચારે છે કે બીજાઓને જે માન મળી રહ્યું છે સમજો તે પોતાને જ મળી રહ્યું છે.ભક્તની આવી ભાવના ભક્તને મહાન બનાવે છે અને આ ભાવના જ ભક્તની સાચી ઓળખાણ છે. સંત-મહાત્મા એ છે કે જો કોઈ તેમની સાથે નફરત કરે છે તેમની સાથે પણ પ્રેમ કરે છે. તમામની ભલાઈના માટે કામના કરે છે અને પરોપકારની ભાવના માટે જ જીવન જીવે છે,તે સમગ્ર સંસારના કલ્યાણના માટે કામના કરે છે આ જ ભક્તની સાચી ઓળખાણ છે.

(સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઈ માછી નિરંકારી

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ધર્મના નામે ક્રૂરતા સહન કરી શકાય નહીં, આતંક ફેલાવનારાઓને તાત્કાલિક સજા થવી જોઈએ : રાહુલ ગાંધી



ઉદયપુર,તા.૨૯

ઉદયપુર હત્યાકાંડ પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પ્રતિક્રિયાથી ભારતીય જનતા પાર્ટીના નેતાઓ સંતુષ્ટ નથી. કેબિનેટ મંત્રી ગિરિરાજ સિંહે ટ્વીટ દ્વારા રાહુલને સલાહ આપી છે. મંગળવારે બે હુમલાખોરોએ ઉદયપુરમાં દરજીની દુકાનમાં ઘાતકી હત્યા કરી હતી. તેણે આ ઘટનાનો વીડિયો પણ રેકોર્ડ કર્યો હતો. ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રવક્તા નુપુર શર્માના સમર્થનમાં પોસ્ટને કારણે આ હત્યા કરવામાં આવી હોવાના અહેવાલ છે.બિહારના બેગુસરાયના સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના નેતા ગિરિરાજ સિંહે રાહુલ ગાંધીને 'ધર્મ'ને બદલે 'ધર્મ' કહેવાની સલાહ આપી છે. વાસ્તવમાં, પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે ટ્વિટ કર્યું હતું કે, 'ઉદયપુરમાં જઘન્ય હત્યાથી હું ખૂબ જ આઘાતમાં છું. ધર્મના નામે ક્રૂરતા સહન કરી શકાય નહીં. આ ક્રૂરતાથી આતંક ફેલાવનારાઓને તાત્કાલિક સજા થવી જોઈએ. આપણે બધાએ સાથે મળીને નફરતને હરાવવાની છે. હું બધાને અપીલ કરું છું, કૃપા કરીને શાંતિ અને ભાઈચારો જાળવી રાખો.

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીનના વડા અસદુદ્દીન ઓવૈસીએ આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. તેણે ટ્વીટ કર્યું, 'ઉદયપુરમાં ઘાતકી હત્યા નિંદનીય છે. આવી હત્યાનો બચાવ કોઈ કરી શકે તેમ નથી. અમારી પાર્ટીનું મુસ્લિમ સ્ટેન્ડ છે કે કોઈને પણ કાયદો પોતાના હાથમાં લેવાનો અધિકાર નથી. અમે હંમેશા હિંસાનો વિરોધ કર્યો છે. તેણે આગળ લખ્યું, 'અમારી સરકાર પાસે ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ છે. કાયદાનું શાસન જાળવી રાખવું પડશે.

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે લખ્યું, 'ઉદયપુરની ઘટના ખૂબ જ ભયાનક અને ભયાનક છે. સંસ્કારી સમાજમાં આવા ઘૃણાસ્પદ કૃત્યોને કોઈ સ્થાન નથી. અમે આની સખત શબ્દોમાં નિંદા કરીએ છીએ. આ ગુનાના ગુનેગારોને સખત સજા થવી જોઈએ. તે જ સમયે, પાર્ટીના નેતા સંજય સિંહે આરોપીઓને ફાંસીની સજાની માંગ કરી છે.

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ ઘટનાને સમાજ માટે ઘાતક ગણાવી છે. તેમણે ટ્વીટ કર્યું, 'ઉદયપુરમાં થયેલી હિંસક ઘટનાની જેટલી નિંદા કરીએ એટલી ઓછી છે. ગુનેગારોને કડકમાં કડક સજા મળવી જોઈએ. ધર્મના નામે નફરત, નફરત અને હિંસા ફેલાવતી રૂપરેખાઓ આપણા દેશ અને સમાજ માટે ઘાતક છે. આપણે સાથે મળીને શાંતિ અને અહિંસા માટેના પ્રયાસોને મજબૂત કરવા પડશે.

હાલ આ ઘટનામાં સંડોવાયેલા બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. રાજ્ય સરકારે ઘટનાની તપાસ માટે વિશેષ તપાસ ટીમની રચના કરી છે.

# ભૂગર્ભ ગટરની કામગીરી બાબતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ને રજુઆત કર્તા ચેરમેન કૌશલ જોષી

પાલનપુર શહેરમાં જી.યુ.ડી.સી વિભાગ ગાંધીનગર દ્વારા ૨૦૧૪ માં ભૂગર્ભ ગટરની કામગીરી શરૂ કરવામાં આવેલ તેમાં થયેલ ગેરરીતિ બાબતે જવાબદાર પદાધિકારીઓ,અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર ઉપર કાયદેસર ની કાર્યવાહી કરવા તેમજ અધૂરી કામગીરી પુર્ણ કરાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ને રજુઆત કર્તા ચેરમેન કૌશલ જોષી

જી.યુ.ડી.સી વિભાગના અધિકારીઓ નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ અશોકભાઈ ઠાકોર, તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ, તત્કાલીન મુખ્ય અધિકારી સતિષભાઈ પટેલ દ્વારા કામગીરીના ખોટા સર્ટિફિકેટ આપવામાં આવ્યા

જો સપ્ટેમ્બર ૨૦૨૦ માં લાઈટ કનેક્શન મેળવેલ હોય તો ૨૯/૦૩/૨૦૧૯ માં પંપીંગ સ્ટેશનેથી પંપીંગ કરી લાઈનોનું ટેસ્ટિંગ કઈ રીતે થયુ

પાલનપુર નગરપાલિકાના ભૂગર્ભ ગટર સમિતિ ના ચેરમેન કૌશલ જોષી દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ને રજુઆત કરતા જણાવ્યું હતુ કે પાલનપુર શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી જી.યુ.ડી.સી વિભાગ ગાંધીનગર દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ભાગ-૧ વર્ષ ૨૦૧૪ તા. ૨૭/૦૩/૨૦૧૪ માં શરૂ કરવામાં આવેલ હતી આ કામગીરી પૂર્ણ કરવાની મુદત તા. ૨૭/૦૩/૨૦૧૬ રાખવામાં આવેલ હતી પરંતુ જી.યુ.ડી.સી વિભાગ ગાંધીનગર દ્વારા કામગીરી પુર્ણ કરવા માટે મુદત વધારી તા. ૩૦/૦૬/૨૦૧૯ રાખવામાં આવેલ હતી પરંતુ આજે સવા આઠ વર્ષનો સમય વિતવા છતાં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી અને જે પણ અધૂરી કામગીરી કરવામાં આવેલ છે તેમાં વ્યાપક ગેરરીતિઓ હોવાનું માલૂમ પડેલ છે ૭૩ કરોડ ૨૮ લાખ ૭૫ હજાર જેવી મોટી રકમ નો ખર્ચ થયેલ હોવા છતાં કામગીરી અધુરી છે જેની વિગતવાર રજુઆત નીચે મુજબ છે

(અ) તા. ૨૯/૦૩/૨૦૧૯ ના રોજ પાલનપુર નગરપાલિકા ના તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ તત્કાલીન પ્રમુખ અશોકભાઈ ઠાકોર તેમજ જી.યુ.ડી.સી વિભાગ ગાંધીનગર ના અધિકારીઓ કોન્ટ્રાક્ટર ભૂગન ઈન્ફ્રોકોન પ્રા.લિમિટેડ આ તમામે સાથે મળી ગેરકાયદેસર મંડળી રચી આ અધૂરા પ્રોજેક્ટનો હેન્ડીગ ઓવર/ટેકીગ ઓવર લેવા બાબતનો પત્ર તા. ૨૯/૦૩/૨૦૧૯ ના રોજ પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી જી.યુ.ડી.સી ગાંધીનગર ને તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ અને તાત્કાલિક નગરપાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર ની સહીથી પત્ર લખેલ છે જેમાં દર્શાવેલ છે કે ઉપરોક્ત વિષયે આપના દ્વારા પાલનપુર નગરપાલિકામાં ભૂગર્ભ ગટર લાઈનનો પ્રોજેક્ટ કરેલ છે. જે આજ રોજ અમો પાલનપુર નગરપાલિકા હસ્તક લઈએ છીએ. તે અંતર્ગત જરૂરી સર્ટીફીકેટ અને એનેકશર-એ ચેક કરી અમો સર્ટીફીકેટ આપીએ છીએ. જે આ સાથે સામેલ છે. તેમજ આજ રોજ પછી ટેન્ડર નિયમ પ્રમાણે હવે પછીના બે વર્ષ માટે મરામત અને નિભાવણી એજન્સી એ કરવાની રહેશે.

તા. ૨૯/૦૩/૨૦૧૯ ના રોજ પ્રોજેક્ટ ની વર્તમાન સ્થિતિ માં વિગત દર્શાવેલ છે કે પરિશિષ્ટ છ માં દર્શાવેલ કામો સંતોષકારક રીતે પૂર્ણ થયા છે અને પેંઢઝ દ્વારા નિયુક્ત એજન્સી દ્વારા કાર્યરત છે. હાલમાં નગરપાલિકા વિસ્તારોના અંતિમ વપરાશકારો પ્રોજેક્ટ હેઠળ બનાવેલ સુવિધાઓનો ઉપયોગ કરી રહ્યા છે. નગરપાલિકાને બિલ્ટ ડ્રોઈંગ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે તેવા ખોટા લખાણ વાળું સર્ટીફીકેટ બનાવી ગેરકાયદેસર મંડળી રચી તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ, તત્કાલીન પ્રમુખ અશોકભાઈ ઠાકોર, તત્કાલીન જી. યુ.ડી.સી ના અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટર ભૂગન ઈન્ફ્રોકોન પ્રા. લિમિટેડ દ્વારા સરકાર શ્રી તેમજ પાલનપુર ની પ્રજા સાથે છેતરપિંડી કરી ગેરરીતિ આચરેલ છે આમ સાચી હકીકત એ છે કે પાલનપુર નગરપાલિકા ને કોઈ બિલ્ટ ડ્રોઈંગ આપવામાં આવેલ નથી તેમજ ૨૯/૦૩/૨૦૧૯ ના રોજ એકપણ પંપીંગ સ્ટેશન ઉપર લાઈટ કનેક્શન મેળવેલ ન હતું તેથી પંપીંગ સ્ટેશન બંધ હતા જે આજની તારીખે પણ બંધ છે

(બ) સાધનિક કાગળો તેમજ પ્રજાજનોની ફરિયાદોનો અભ્યાસ કરતા પ્રોજેક્ટ ની સાચી હકીકત નીચે મુજબ છે

(૧) તત્કાલીન મુખ્ય અધિકારી સતિષભાઈ પટેલ દ્વારા તા. ૨૮/૦૪/૨૦૨૧ ના રોજ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી જી.યુ.ડી.સી ગાંધીનગર ને પત્ર લખીને જણાવેલ છે કે પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં પેંઢઝ હસ્તકની એજન્સી મે. ભૂગન ઈન્ફ્રાકોન પ્રા. લિમિટેડ., અમદાવાદ દ્વારા ભૂગર્ભ ગટર યોજનાની ૯૫ ટકા જેટલી કામગીરી ૨૭/૦૩/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ હતી. ટેન્ડર ની જોગવાઈ મુજબ સદરહુ પ્રોજેક્ટની મરામત અને નિભાવણી ની કામગીરી સદરહુ એજન્સી દ્વારા ૦૧/૦૪/૨૦૧૯ થી બે વર્ષના સમયગાળા માટે કરવામાં આવેલ છે. જે આપ સાહેબને વિદિત થાય છે.

સત્ય હકીકત એ છે કે સતિષભાઈ પટેલ ના કાર્યકાળ દરમિયાન તેઓ છઝ ઓફીસ છોડીને ફિલ્ડ માં ગયા નથી પંપીંગ સ્ટેશન ની મુલાકાત પણ લીધી નથી તેમના કાર્યકાળ દરમિયાન કોઈ પંપીંગ સ્ટેશનો ચાલુ કરવામાં આવેલ નથી અને આજ દિન સુધી પણ પંપીંગ સ્ટેશનો ચાલુ કરવામાં આવેલ નથી

આમ અમોએ ચેરમેન બન્યા પછી મુખ્ય અધિકારી સતિષભાઈ પટેલ પાસે તા.૧૬/૦૯/૨૦૨૧ ના રોજ લેખિત રજૂઆત કરી પાલનપુર નગરપાલિકામાં જી. યુ. ડી.સી વિભાગ ગાંધીનગર દ્વારા ભૂગર્ભ ગટરની કામગીરી કરવામાં આવી રહી છે તેના સાધનિક કાગળો જેવા કે ટેન્ડર કોપી,ડી.પી.આર, ડ્રોઈંગ નકશાઓ ની નકલો માંગતા મુખ્ય અધિકારી સતિષભાઈ પટેલ દ્વારા તા. ૧૭/૦૯/૨૦૨૧ ના રોજ માનનીય પ્રોજેક્ટ મેનેજરશ્રી જી. યુ. ડી.સી ગાંધીનગર ને પત્ર લખી અમારા પત્ર નો સંદર્ભ ટાકી સાધનિક કાગળોની માંગણી કરેલ અને અમોને તે પત્ર ની નકલ રવાના કરેલ જે સ્પષ્ટ દર્શાવે છે કે તેમના જોડે આ ૨૦૧૪ ના પ્રોજેક્ટ ની કોઈ માહિતી ન હતી તો તેમણે તા.૨૮/૦૪/૨૦૨૧ ના રોજ વાઈસ પ્રેસિડન્ટ શ્રી જી.યુ.ડી.સી ગાંધીનગર ને પત્ર લખી ટેન્ડર ની જોગવાઈ મુજબ સદરહુ પ્રોજેક્ટની મરામત અને નિભાવણી ની કામગીરી સદરહુ એજન્સી દ્વારા તા.૦૧/૦૪/૨૦૧૯ થી ૨ વર્ષના સમય ગાળા માટે કરવામાં આવેલ છે તેવું સર્ટીફીકેટ આપેલ છે જેથી સાબીત થાય છે કે આ સર્ટીફીકેટ તદ્દન ખોટું આપેલ છે

(૨) ગણેશપુરા, પાયોનીયર ડેરી, ગોબરી રોડ આ ત્રણે પમ્પિંગ સ્ટેશનના લાઈટ કનેક્શન સપ્ટેમ્બર ૨૦૨૦ માં મેળવેલ છે આજ દિન સુધી એક પણ પંપીંગ સ્ટેશનો ચાલુ નથી તેથી તા. ૨૯/૦૩/૨૦૧૯ ના રોજ જી.યુ.ડી.સી વિભાગ ગાંધીનગરના અધિકારી, એન્જિનિયર, કામ કરનાર એજન્સી ભૂગર્ભ ઈન્ફ્રાકોન તેમજ તત્કાલીન નગરપાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર તેમજ તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ દ્વારા ૯૫ ટકા કામગીરી પુર્ણ થઈ ગયેલ છે હાલમાં નગરપાલિકા વિસ્તારોમાં અંતિમ વપરાશકારો પ્રોજેક્ટ હેઠળ બનાવેલ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા એવું ખોટું સર્ટિફિકેટ બનાવીને સરકાર શ્રી તેમજ પ્રજાજનો સાથે છેતરપિંડી કરેલ છે

(૩) અમદાવાદ હાઈવે પુલની બાજુમાં રોડ નીચે પુસીગ કરી પાઈપ લાઈન ૨૦૨૧ માં નાખેલ છે જેથી સાબીત થાય છે કે તા. ૨૯/૦૩/૨૦૧૯ માં આપેલ સર્ટીફીકેટ ખોટું છે

(૪) આકેસણ રોડ પર પુસીગ કરી પાઈપ લાઈન નાખવાની કામગીરી ૨૦૨૨ ના વર્ષમાં કરેલ છે જેથી તા. ૨૯/૦૩/૨૦૧૯ ના રોજ આપેલ સર્ટીફીકેટ ખોટું છે.

(૫) જુના લક્ષ્મીપુરા ફાટક પાસે આજની તારીખે પાઈપલાઈનનું જોડાણ કામ બાકી છે કામગીરી અધૂરી છે જેથી તા. ૨૯/૦૩/૨૦૧૯ ના રોજ આપેલ સર્ટિફિકેટ ખોટું છે


(૬) તા.૦૭/૦૪/૨૦૨૨ ના રોજ અમોએ શ્રી રાજકુમાર બેનીવાલ મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જી.યુ.ડી.સી વિભાગ ગાંધીનગર ને અધુરી પાઈપલાઈનો, માટીથી ભરેલા મેનહોલ, ચોકપ લાઈનો તેમજ જુદા જુદા વિસ્તારોની અધૂરી કામગીરી બાબતે ૭૮ મુદ્દા સાથે અને ૩ જગ્યાએ પાઈપ લાઈન પુસીગ કરવાની કામગીરી અધૂરી છે તે વિગતવાર લેખિત રજુઆત કરેલ છે તેમજ તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન ની કચેરી ખાતે શ્રી રાજકુમાર બેનીવાલ સાહેબ સાથે અમોએ રૂબરૂ મુલાકાત કરીને આ તમામ સાધનિક કાગળો સાથે વિગતવાર ૨૦૧૪ ના જી.યુ.ડી.સી વિભાગ ગાંધીનગર ના ભૂગર્ભ ગટર ના આ પ્રોજેક્ટ ની અધૂરી કામગીરી અને ગેરરીતિ બાબતે રજુઆત કરેલ જેમાં તેમણે અમોને જણાવ્યું હતુ કે તમારી ૦૭/૦૪/૨૦૨૨ ની આપેલ અરજી ના અનુસંધાને તમો અમોને સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ કરી રજુ કરો જેથી અમો જવાબદાર અધિકારીઓ પદાધિકારીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરીશું અને જો તમો આ બાબતે ખોટા હશો તો તમારી ઉપર પગલાં લઈશું તેવું અમોને જણાવેલ હતુ. જેથી અમોએ તારીખ ૨૭/૦૬/૨૦૨૨ ના રોજ સોગંદનામુ કરેલ છે જેની નકલ આ સાથે સામેલ છે.

તેવી રજુઆત પાલનપુર શહેરની પ્રજાના હિતમાં નગરપાલિકાના હિતમાં સરકાર શ્રી ના હિતમાં જવાબદાર લોકો ઉપર કાયદેસર ની કાર્યવાહી કરવા તેમજ અમારી આ રજુઆત ધ્યાને લઈ આ ભૂગર્ભ ગટરની સવા આઠ વર્ષથી અધૂરી રહેલ કામગીરી તાત્કાલિક પુર્ણ કરાવવા આદેશ કરશો તેવી રજુઆત પાલનપુર નગરપાલિકાના ભૂગર્ભ ગટર સમિતિના ચેરમેન કૌશલ જોષી દ્વારા કરવામાં આવેલ છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG:SS:NO.: 0101
વિષય:પરંપરાગત રથયાત્રા
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૪૦૪
શીર્ષક : જગન્નાથજીના મંદિરની મૂર્તિઓનું નિર્માણ

સ્કંદપુરાણ મુજબ ભગવાન વિષ્ણુ નિલમાધવના રૂપમાં અવતાર લઇ પુરીમાં બિરાજ્યાં.

અત્યારે જે મંદિર છે તે સાતમી સદીમાં બન્યું છે.

બેન સુભદ્રાને તેમના પિયર દ્વારિકા પ્રત્યે ખૂબ લગાવ હતો તેથી તેમની ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે શ્રીકૃષ્ણ, બલરામ અને સુભદ્રાએ અલગ રથોમાં બેસીને દ્વારિકાનું પરિભ્રમણ કર્યું હતું. ત્યારથી આજ સુધી પુરીમાં દર વર્ષે અષાઢ સુદ બીજના દિવસે રથયાત્રા કાઢવામાં આવે છે. પુરીના આ મંદિરમાં ભગવાન જગન્નાથ તેમના ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની કાષ્ટ (લાકડી)ની મૂર્તિઓ છે. જેની પાછળ એક અદભુત કથા સંકળાયેલી છે. તેની વાત કરતાં તે કથાની પાર્શ્વભૂમિ તરફ આપણે એક દષ્ટિપાત કરીયે.

માતા યશોદા, દેવકી, કૃષ્ણની બહેન સુભદ્રા સાથે વૃંદાવનથી દ્વારકા આવે છે, ત્યારે ત્યાં હાજર બીજી રાણીઓ તેમના કક્ષમાં ભેગી થઈ કૃષ્ણની બાલ લીલાઓ સંભળાવવા કહે છે.

તેમની વાતો કાનો અને બલરામ સાંભળે નહીં અને કક્ષમાં અચાનક ન આવી ચઢે એટલે બહેન સુભદ્રા દરવાજે પહેરો ભરવા ઉભી રહી.

જેમ જેમ યશોદાજી લીલાઓ સંભળાવતી ગઈ તેમ તેમ બધાં તેમાં ઓતપ્રોત થતાં ગયાં, બેન સુભદ્રા પણ પહેરો ભરવાનું ભૂલી તેમની વાતો સાંભળવા લાગી કૃષ્ણ બલરામ ત્યાં ક્યારે આવી ગયાં તેનો ખ્યાલ પણ ન રહ્યો. તેઓ પણ તેમની પોતાની લીલાઓની વાતચીત સાંભળી આશ્ચર્યચકિતથાતી તેમની આંખો પહોળી થઈ ગઈ. બેન સુભદ્રા પ્રેમભાવથી પીગળવા લાગ્યાં, તે જ કારણ છે કે જગન્નાથ મંદિરમાં તેમની મૂર્તિ બલરામ કૃષ્ણ કરતાં નાની છે.

તે જ વખતે નારદમુની ત્યાં આવી પહોંચ્યા, વાત અધૂરી રહી તેમણે પ્રભુને કહ્યું તમે કેટલાં સુંદર લાગો છો . આ રૂપમાં અવતાર ક્યારે લેશો?

ત્યારે કૃષ્ણે કહ્યું કલિયુગમાં.

હવે આપણે મૂળ કથા પર આવીએ.

વચન મુજબ કલિયુગમાં શ્રીકૃષ્ણ રાજા ઈન્દ્રદ્યુમ્નના સ્વપ્નમાં આવ્યા અને કહ્યું: પુરીમાં દરિયા કિનારેના એક વૃક્ષની લાકડીમાંથી મૂર્તિનો આકાર કંડારવામાં આવે ને પછી તેને મંદિરમાં સ્થાપના કરવામાં આવે.

રાજાએ આ કામ માટે એક વૃદ્ધ દક્ષ સુથારને કાર્ય સોંપ્યું. તેણે શરત મૂકી કે તેઓ આ મૂર્તિઓ બંધ ઓરડામાં જ બનાવશે અને એનું કામ જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી કોઈએ પણ ઓરડાનો દરવાજો ખોલવો નહીં અને ખોલશે તો તે કાર્ય અધૂરું છોડીને ચાલ્યો જશે.

રાજાએ એક દિવસ આતુરતાથી ઓરડાનો દરવાજો ખોલી નાખ્યો તો જોયું તો હજી મૂર્તિઓ અધૂરી હતી ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે બ્રાહ્મણ બીજું કોઈ નહીં પણ વિશ્વકર્મા પોતે હતા. પણ શરત મુજબ તે ત્યાંથી ચાલ્યા ગયા, અંતર્ધ્યાન થઈ ગયા.

ભગવાન નિલમાધવ(કૃષ્ણ), અને તેમના ભાઈ બલરામના હાથ નાના નાના બન્યા હતાં, અને બંનેના પગ ન હતાં જ્યારે સુભદ્રાના હાથ પગ બન્યા જ ન હતાં.

જેવી ભગવાનની ઈચ્છા તેમ માની રાજાએ તે અધૂરી મૂર્તિઓની જ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરી સ્થાપિત કરી.

ત્યારથી આ મૂર્તિઓ આજ સુધી અધૂરી જ છે. તે જ રૂપમાં ભાઈ બહેનો આજે પણ બિરાજે છે.

ભરત સાંગાણી

-----------------------------------------------

NOG:SS:NO.: 0032
વિષય:પરંપરાગત રથયાત્રા
પ્રકાર : પદ્ય
શીર્ષક : અષાઢી બીજ

વરણાગી મોરલો ટહુક્યો,
અષાઢીબીજે.
અને આકાશી મેહ ગર્જ્યો.
વરસતો મેઘલો,
અને ઘટાટોપ વાદળનો
જામ્યો છે આજ રુડો મેળો.
વીજળીના ચમકારે,
આજ આવી વરસાદી વણજાર.
એક એક પોરાંને ઝીલવા ,
સૌ તૈયાર આજ બાળુડાં.
અને મોટેરા કરે ખીલખીલાટ.
આજ નીકળી સવારી જગન્નાથજીની,
સુભદ્રા,બલરામ અને શ્રીકૃષ્ણ સાથ.
આજ રાધા પણ ખીલી,
એના કાના,ગોપીઓ સંગ.

મીના માંગરોલીયા મીનું
અમદાવાદ
૨૯/૬/૨૦૨૨

## રત્ન કણિકા



૧. જેમ સોયમાં દોરો પરોવીએ છીએ તો સોય ગુમ થવાનો ભય રહેતો નથી તેમ આત્મારૂપી સોયમાં સ્મરણરૂપી દોરો પરોવી રાખીએ તો એ ક્યાંય ખોવાવાનો કે ભટકવાનો ડર રહેતો નથી. સદગુરૂ હમેશા એ ડોરને પોતાના હાથમાં પકડી રાખે છે.

૨. ખરાબ જગ્યા પર તો જાનવર પણ નથી બેસતા જ્યારે આપણે આપણા હદયમાં સદગુરૂનું સ્થાન બનાવવા માંગીએ છીએ તો સૌ પ્રથમ પોતાના હ્રદયને સાફ કરવું પડશે ને? તેનામાટે વિચારો ઉચ્ચ રાખીએ, મન મજબૂત બનાવીએ. આંખોમાં દયા, ચહેરા પર મીઠી મુસ્કાન, તમામ માટે પ્રેરણા, સહનશીલતા આ બધુંજોયા પછી સદગુરૂ પોતે જ આપણા હદયમાં બિરાજમાન થઈ જશે.

૩. મનુષ્યનું પાછલું જીવન ગમે એવું કેમ ના હોય, સંતોનો સંગ, સદગુરૂનું શરણું અને સત્સંગ તેના જીવનને મહાન બનાવી દે છે.

૪. જ્યારે આપણે આપણી હથેળીમાં થોડી ક્ષણો માટે પણ બળતો અંગારો મૂકીએ છીએ તો તરત એને પટકીને ફેંકી દઈએ છીએ એ બીકે કે આપણો હાથ ના બળી જાય પણ ખબર નહિ લોકો કઈ રીતે નફરતના અને વેર તથા ઈર્ષાના અંગારા દિલમાં ભરીને ફરી શકે છે.

૫. ગુસ્સો અનેઅહંકાર ક્રેડીટ કાર્ડ જેવા છે અત્યારે ઉપયોગ કરો અને પાછળથી ચૂકવણું કરો.

૬. જો કોઇ સમસ્યા ઉકેલીશકાય તેમ હોય તો પછી ચિંતાકરવાનો શોઅર્થ છે? અને જોએ ઉકેલીશકાય એમ નહોયતો ચિંતા કરવાનો ફાયદો શું છે?

૭. જિંદગી એક પુસ્તક છે જેમાં ગઈકાલ એ મુખ્ય પૃષ્ઠ છે. ભવિષ્ય કોરૂં છે જે છેલ્લું પાનું છે પણ પુસ્તકના પાના એ વર્તમાન છે. જેમાં સર્વોત્તમ લખો. કારણ, આ પુસ્તકમાં રબ્બરને કોઇ સ્થાન નથી હોતુ કે કોમ્પ્યુટરનીજેમ અનડુ સીસ્ટમ પણ નથી.

૮. આ દુનિયા તમને બાહ્ય દેખાવથી ઓળખે છે. પરંતુ,તમારોદેખાવ ગમેતેટલો સારો હોય તો પણ ભગવાન તમને તમારી દાનતથી ઓળખે છે.

૯. ધન, દોલત અને રૂપિયા પૈસા જ ખુશીનું કારણ હોત તો અમીર લોકો જ સડકો પર નાચતા દેખાત, પણ અહિં તો ફક્ત ગરીબ બાળકો જ આવું કરતાં નજરે પડે છે.

૧૦. જો પાવર/શક્તિ કે હોદ્દો મળવાથી જ પોતાની સુરક્ષા મળી શકતી હોત કે કરી શકાતી હોત તો અધિકારીઓ કેનેતાઓ સિક્યોરીટી સાથે ના દેખાતા હોત કે તેઓને ધમકીઓ ના મળતીહોતઅને એમને એટલી બેચેની ના હોત પરંતુ, ખરેખર જે સાદગીભર્યું જીવન જીવે છે તેઓ જ પૂરતાં આનંદ અને ચેનથી નિશ્ચિતપણે ઉંઘ માણી શકે છે.

લક્ષ્મી એમ.વાધવાણી (ગાંધીનગર)

# સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદામાં એકંદરે વૃદ્ધિઃ મેન્થા તેલમાં નરમાઈ

## બુલડેક્સનો વાયદો ૩૫ પોઈન્ટ વધ્યોઃ નેચરલ ગેસમાં સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૮૯૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૪૩૨૩ કરોડનું ટર્નઓવરઃ ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૪૨ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૫૫,૪૮૦ સોદાઓમાં કુલ રૂ.૧૪,૨૫૪.૯૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૮૮૯.૯૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૪૩૨૩.૪૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૦,૭૪૪ સોદાઓમાં કુલ રૂ.૪,૯૭૯.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૭૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૦૧૫ અને નીચામાં રૂ.૫૦,૬૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૧ વધી રૂ.૫૦,૯૮૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯૭ વધી રૂ.૪૦,૭૮૩ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯ વધી રૂ.૫,૦૮૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૭૯૦ના ભાવે ખૂલી, રૂ.૧૫૪ વધી રૂ.૫૦,૯૭૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૯,૨૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૬૬૩ અને નીચામાં રૂ.૫૯,૧૦૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૧ વધી રૂ.૫૯,૬૨૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૯ વધી રૂ.૫૯,૮૯૪ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૧૯ ઘટી રૂ.૫૯,૭૪૦ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૮૭૯ સોદાઓમાં રૂ.૨,૦૫૦.૨૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૫૫ ઘટી રૂ.૨૧૨ અને જસત જુલાઈ વાયદો રૂ.૦.૧૫ વધી રૂ.૩૦૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૧.૦૫ ઘટી રૂ.૬૯૪.૨૫ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૯,૯૧૨ સોદાઓમાં કુલ રૂ.૨,૭૭૪.૮૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૭૫૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૯૨૦ અને નીચામાં રૂ.૮,૭૪૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૯૩ વધી રૂ.૮,૯૦૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૫૦ વધી રૂ.૫૩૮.૪૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૯૫ સોદાઓમાં રૂ.૮૫.૨૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જૂન વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૫૧,૩૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૪૧૦ અને નીચામાં રૂ.૫૧,૩૯૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨,૯૬૦ વધી રૂ.૫૨,૪૧૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૧૦ ઘટી રૂ.૧૦૦૧.૧૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૦૩.૯૫ કરોડનાં ૪,૭૨૮.૯૫૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૫૭૫.૭૪ કરોડનાં ૪૨૮.૩૯૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯૬૯.૬૮ કરોડનાં ૧૧,૦૦,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૮૦૫ કરોડનાં ૩૩૮૨૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૭૬.૭૭ કરોડનાં ૧૭૩૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૮.૪૫ કરોડનાં ૮૨.૪૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૧૧૭.૫૬૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૯૭.૪૭૮ ટન, ક્રૂડ તેલમાં ૯૦૧૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૬૦૯૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૦૧૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૫૮.૭૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૧.૫૬ કરોડનાં ૫૮૧ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૩૦૧ના સ્તરે ખૂલી, ૩૫ પોઈન્ટ વધી ૧૪,૩૪૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૪,૩૨૩.૪૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪૧.૧૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૫.૯૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૨૯૩.૭૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૪૨.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૪૨.૪૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જુલાઈ રૂ.૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૧૪.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૮.૪૦ અને નીચામાં રૂ.૨૯૧.૪૦ રહી, અંતે રૂ.૪૬.૨૦ વધી રૂ.૩૬૨.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૮.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૫.૨૫ અને નીચામાં રૂ.૨૮.૨૫ રહી, અંતે રૂ.૪.૩૦ વધી રૂ.૩૪.૫૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૫ અને નીચામાં રૂ.૫૬૧ રહી, અંતે રૂ.૭૧.૫૦ વધી રૂ.૬૮૭.૫૦ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૪ અને નીચામાં રૂ.૫૬૩ રહી, અંતે રૂ.૩૮.૫૦ ઘટી રૂ.૬૪૫.૫૦ થયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૦ અને નીચામાં રૂ.૫૮૬ રહી, અંતે રૂ.૬૦.૫૦ વધી રૂ.૬૭૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૯૬.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૬.૫૦ અને નીચામાં રૂ.૨૫૦.૨૦ રહી, અંતે રૂ.૨૨.૯૦ ઘટી રૂ.૨૫૩.૮૦ થયો હતો.

## અમિત શાહ ફરી ૨ દિવસના ગુજરાત પ્રવાસે, રથયાત્રાના દિવસે મંગળા આરતી કરશે

અમદાવાદ,તા.૨૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી દિવસોમાં ફરી એકવાર ૨ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. જેના ભાગરૂપે આવતીકાલે સાંજે (ગુરુવાર) કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ આવશે. ૧ જુલાઈએ સવારે ૪ વાગે જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરશે. સવારે ૯ વાગે કલોલમાં સ્વામિનારાયણ હોસ્પિટલનું લોકાર્પણ કરશે. ત્યારબાદ રૂપાલ ગામમાં કેન્દ્રિય ગૃહમંત્રીની રજત તુલા થશે. અને ત્યાંજ અમિત શાહ જનસભાને સંબોધન કરશે. પછી વાસણ ગામમાં શાહ તળાવનું ભૂમિપૂજન કરશે અને સાંજે અમદાવાદના મોડાસર ગામમાં વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાત મુર્હત કરશે.આ વિશે મળતી માહિતી પ્રમાણે, તાજેતરમાં અમિત શાહ ગુજરાત આવ્યા હતા. ત્યારે ફરી એકવાર ૩૦ જૂને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદ સાંજે આવશે. અમિત શાહ અમદાવાદમાં રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથના દર્શન કરશે. ૧ જુલાઈએ સવારે ૪ વાગે જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરશે. ત્યારબાદ ૧ જુલાઈએ જ સવારે ૯ વાગે કલોલ સ્થિત સ્વામિનારાયણ યુનિ.નું લોકાર્પણ કરશે.

અમિત શાહ ૧ જુલાઈએ કલોલમાં આવેલ વિશ્વ મંગળ ગુરુકુળના કાર્યક્રમમાં હાજરી આપશે. ૩૫૦ કરોડના ખર્ચે આકાર પામનારી પ્રેમ સ્વરૂપ સ્વામી સુપર મલ્ટી સ્પેશ્યલિટી હોસ્પિટલનું તેઓ ખાત મુહુર્ત કરશે. આ ઉપરાંત સ્વામિનારાયણ યુનિવર્સીટીના લોકાર્પણમાં પણ ભાગ લેશે.

મહત્વનું છે કે, તાજેતરમાં અમિત શાહ ગાંધીનગર મનપા અને ગુડાના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું. જે કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના આગેવાનોએ હાજરી આપી હતી. ગાંધીનગર મનપા નિર્મિત ૧૯૩.૧૨ કરોડના પ્રોજેક્ટનું અમિત શાહે ખાતમુહૂર્ત કર્યું હતું. સાથે ગાંધીનગર શહેરમાં ૩ બગીચાઓનું પણ લોકાર્પણ કર્યું હતું.

# સૌંદર્યો પામતા પહેલાં સૌંદર્ય બનવું પડે




ગુજરાતી સાહિત્યમાં ઓગણીસમી સદીની શરૂઆતનો દાયકો કવિતા માટે અનેરો ઉત્સવ બની રહ્યો હતો. આ સમયના સાહિત્યકારોમાં કેટલાંક તો મોટા ગજાના સર્જકો અને ચિંતકો હતા. ગોવર્ધરામ, મણિલાલ, મણિશંકર રત્નજી ભટ્ટ-કાન્ત, કવિ ત્રિભુવન પ્રેમશંકા,જટીલા, લલિત, દરબાર વાજસુરવાળા જેવા અનેક સર્જકોએ એ સમયે જે કામગીરી કરી છે તેનાથી સાહિત્યને ખાસ કરીને ગુજરાતી સાહિત્યને અનેરી ઊંચાઈ પ્રાપ્ત થઈ. આ દરેક સર્જકો સાથ જેને જીવંત સબંધ રહ્યો એવા કલાપી એટલે કે સૌરાષ્ટ્રના લાઠીના રાજવી સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ. હા,આ સર્જકોના સાનિધ્યમાં કલાપીનું ઘડતર થયું હતું.

કલાપીનો વાંચન શોખ જબરો હતો. સંસ્કૃત,અંગ્રેજી, ઉર્દુ અને ફારસીનો પણ તેમણે સારો અભ્યાસ કર્યો હતો. એમના સાહિત્ય લેખનકાર્યનો સમયગાળો ૧૮૯૨ થી ૧૯૦૦ સુધીનો એમના અવસાન સુધીનો રહ્યો હોવા છતાં આજે એકવીસમી સદીમાં એમની કૃતિઓ લોકોના હ્રદયમાં આદર પામેલી છે.આઠ વર્ષના ગાળામાં એમને કવિતા,વાર્તા, નવલકથા,સંવાદ, મૌલિક રૂપાંતર અને અનુવાદ ગુજરાતી સાહિત્યને ચરણે ધરીને એક મહત્વના સાહિત્યકાર તરીકે ખાસ કરીને કવિ તરીકે વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે. તેઓ માત્ર સાહિત્ય જ વાંચતાં એવી નહીં,તત્વચિંતનના પુસ્તકો પણ તે રસપૂર્વક વાંચતાં. એમર્સન અને સ્વીડનબોર્ગ જેવા વિચારકોને કવિ કાન્તની જેમ તેમણે પણ વાંચ્યા એટલું જ નહીં તેમની વિષે અભિપ્રાય વ્યક્ત કરી શકાય એ રીતે પચાવ્યા એમ પણ કહી શકાય.

અંગ્રેજી સાહિત્ય એ સમયગાળામાં સરળતાથી ઉપલબ્ધ હોવાથી એની અસર વધારે જોવા મળે છે. તેમાં પણ અંગ્રેજ કવિઓ વડર્ઝવર્થ ને શેલી એમની કવિતામાં આડકતરી રીતે ગૂંથાયેલા જોવા મળે છે.કીટસ અને બાયરન પણ એમને ગમતા કવિઓ. કાન્તની સાથે રહીને જેમ વિઠ્ઠલરાય આવસત્થીવડર્ઝવર્થની કરુણાંતિકાની અસર દેખાડે છે એમ કલાપીમાં પણ કરુણાંતિકાની અસર ઘેરી થયેલી જોવા મળે છે. પ્રકૃતિપ્રેમ સાથે હ્રદયની ઊર્મિઓ અને કરુણરસ કલાપીને સહજ છે.

લાઠી નરેશ ઉત્તમ રાજવી હતા.પોતાના આશ્રયમાં કે અંગત જીવનમાં કોઈને પણ અન્યાય થાયન્ત્યારે કે કોઈ દુ:ખી થાય ત્યારે પોતાને જવાબદાર ગણીને મનમાં દુ:ખી થતાં. પ્રકૃતિનું રક્ષણ કરવાનું અને સૌંદર્ય પ્રાપ્ત કરવા માટે પોતે મનથી સ્વચ્છ અને સુંદર બનવું પડે એમ તે કહે છે. માત્ર કાવ્યમાં વર્ણવેલી ઘટના તરીકે પણ કાવ્યકૃતિને સબળ બનાવવાનું કામ એમનો સંદેશ- પ્રજાને જે સંદેશ આપવો છે તે નિરૂપાયો છે.

અનેક છંદ સાથે કવિકર્મ આપનાર કલાપીને મંદાક્રાંતા અને હરિગીત વધારે પ્રિય રહ્યા હોય તે તેમની યાદગાર કૃતિઓ ઉપરથી જણાય છે. ‘તે પંખીની ઉપર પથતો ફેંકતા ફેંકી દીધો’,હોય કે પછી ‘રે પંખિડા, સુખથી ચણજો,ગીત વાંકાઈ ગાજો’,

‘હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,

પાપી તેમાં ડૂબકી દઈને પૂણ્યશાળી બને છે.

રાજયોથી કે જુલમ વતી કે દંડથી ના બને જે,

તે પસ્તાવો સહજ વહતા કાર્યો સાધી શકે છે.’

અનુષ્ટુપ છંદમાં રચાયેલી કૃતિ શિકારીનેદ્વારા કવિ પોતાની સૌંદર્ય ભક્તિ અને કરુણાને સરળતાથી નિરૂપે છે. એક રાજવી અનુકંપા સાથે યુવાન શિકારીને કહેતો હોય તે રીતે કાવ્યનો ઉપાડ થયો છે. અહિંસા અને સૌંદર્યનો બોધ અહી સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે. કવિ સ્પષ્ટ રીતે ઉપદેશ અને વિધાનયુક્ત હોવા છતાં ક્યાય કાવ્યતત્વ નો લોપ થતો હોય એવું લાગતું નથી. સૌંદર્ય એ માત્ર ઈશ્વરનું સર્જન નથી પરંતુ એમાં જ ઈશ્વર સમાયેલો છે એ દૃષ્ટિ સાથે આખું વિશ્વ સૌંદર્યમય બને અને કટુતા ક્લેશ નાશ પામે એવો ભાવ આજથી સો વર્ષ કરતાં પણ પહેલા આપના રાજવી કવિ કહી ગયા છે. આ વિશ્વ સૌંદર્યમય અને અતિ કુમળું,કુમાશભર્યું છે અહી ક્યાય તમારી નજરમાં ક્રૂરતા આંજશો નહીં.સૌંદર્યનું પોષણ કરવાનું છે. એને પૂજવાનું છે. આ વિશ્વ સંતના આશ્રમ જેવુ છે; એમાં ક્રૂરતા આચરવાથી હાથ ખાલી જ રહે છે. એમના જ શબ્દોમાં જોઈએ તો,

સૌંદર્યો વેડફી દેતાં ના, ના,
સુંદરતા મળે;
સૌંદર્યો પામતા પહેલાં સૌંદર્ય બનવું પડે.

આહિ બે વખત ના, ના, પૂનરુક્તિ દ્વારા સંહાર અટકાવવાનો સ્પષ્ટ નિર્દેશ આપે છે. સમગ્ર વિશ્વને શાંતિમય બનાવવું હોય તો ક્રૂરતાનો માર્ગ છોડીને કરુણાનો માર્ગ અપનાવવો જ રહ્યો.

કલાપીના કાવ્યોની રચના સરળ, અલંકારરહિત પણ ભાવથી ભરપૂર છે. તેમાં ઉભરાતી લાગણીનો જુસ્સો એટલો પ્રબળ છે, કે વંચનારના હ્રદયને પિગાળી દે. મનને બેઘડી માટે લાગણીથીસમૃધ્ધ કરી વિચારતું કરી દેવાની આ કાવ્યોમાં તાકાત છે. Email: kisspandya@gmail.com

# ભરત વૈષ્ણવ કી પાઠશાલા-દિવસ -૩

ચુનડી પ્રાથમિક શાળા

કન્યા કેળવણી પ્રવેશોત્સવ અભિયાનનું અંતિમ ચરણ -ત્રીજો દિવસ છે. ત્રણ ત્રણ દિવસથી કચેરી, ફાઇલ, ઠરાવ, હુકમો, રુ.ચ.ક.એટલે કે રૂબરું ચર્ચા કરશો તેવી સૂચનાથી જોજનો દૂર છું. સચિવાલયની આગવી મજા છે. એક મહિલા કર્મચારીની સહી આવી હતી.' કુતરું' આપણને એમ થાય કે સચિવાલયમાં કૂતરા નોકરી કરે છે??( જો કે અમુક બેપગાનો સ્વભાવ સમાન પ્રકારનો હોય છે, વફાદારી બાદ કરતા!) એ બેનનું પૂરું નામ કુમારી તરૂલતા રૂપલાલ હતું.(સ્મૃતિભ્રંશ હોય તો માફ કરશો! જાવ માફ કર્યા .) એક ભાઇ આ રીતે 'સમોસા' આખું નામ સમીર મોહનલાલ શાહ. બોલો સમોસા આરોગવા છે??

ચુનડી કે ચૂંદડી એમ બોલીએ એટલે મહિલાઓને ઓઢવાની રંગબેરંગી ઓઢણી યાદ આવે. ચૂંદડી ઓઢી તારા નામની. સજ્જનો ,આપણે ચુનડી ગામની વાત આલેખવાની છે. આ ગામના ઘણા યુવાનો બીએસએફ, એસઆરપી વગેરેમાં પસંદ થઇને ગામનું નામ રોશન કરે છે. ગામમાં દરબારોની વસ્તીનું બાહુલ્ય છે. અલબત, એક દરબાર હોય તો પણ ગામમાં તેનું પ્રભુત્વ હોય છે, એ વાત અલગ છે. અહીં એક વિરોધાભાસ જોવા મળ્યો. જેટલી સ્વચ્છ શાળા છે એટલી કે તેના કરતાં વધુ ગામમાં ગંદકી છે. પ્રવેશોત્સવ માટે પ્રાથમિક શાળામાં દ્વારે ગામની ગંદકી વીંધીને જવું પડે. ચોમાસામાં શું દશા- દુર્દશા થતી હશે તેની કલ્પનામાત્રથી કમકમાટી છૂટી જાય છે. !!

ચુનડી ગામની દીકરી કૃપાલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં લગભગ ૮૦% માર્ક લાવી ઉત્તીર્ણ થઇ છે. આવી વિદુષી ગાર્ગીને સન્માનિત કરતા હું ખુદ સન્માનિત થવાની ભાવના અનુભવું છું. દીકરીને ઉજ્જવલ અને તેનાથી વધુ પ્રોજવલ ભવિષ્ય માટે શુભકામનાઓ આપું છું.!!

આ ગામે આનંદની એક વાત છે કે આ ગામમાં ૧૯૯૪ થી ૨૦૦૦ દરમિયાન શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવનાર અને ૨૪ નંબરની શાળા, ભૂજમાંથી તાજેતરમાં નિવૃત થયેલા શ્રીપરેશઆઇ ગુજરાતી ગામનું ઋણ ઉતારવા માટે પ્રવેશપાત્ર બાળકોને પદરના ખર્ચે શૈક્ષણિક કીટ આપવા ઉપસ્થિત રહેલા!!

શ્રી પરેશભાઇએ વનમેન આર્મીની માફક કેળવણીનું વાતાવરણ સર્જવા આકરો પરિશ્રમ કરેલ હતો. ચુનડી ગામમાં પાપડ વણવાનો ગૃહઉધોગ ધમધમાટ ચાલે છે. ગૃહિણીઓ પાપડનો લોટ રાવર ગામેથી લઇ આવે અને પાપડ વણીને રાવર આપી આવે. રાવર ગામે દેશની શાન સમાન લિજ્જત પાપડનું કલેકશન સેન્ટર છે. પાપડ વણવાની કામગીરીમાં છોકરીઓ મદદરૂપ થાય એટલે વાલીઓ છોકરીઓને શાળાએ મોકલે નહી. પરેશભાઇએ આઇડિયા કર્યો. દરેક વાલીને સંપર્ક કરી શાળાના સમય નહીં પણ છોકરીના સાનુકૂળ સમયે કમ સે કમ અડધો કલાક કલાક છોકરીઓને શાળાએ મોકલવા વાલીઓને અપીલ કરી. અંગ્રેજોમાં કહેવત છે કે well beginning is half done! એટલે કે સારી શરૂઆત એ અર્ધી સફળતા છે. છોકરીઓ શાળાએ આવતી થઇ અને કુમ્ભકારના ચાકડે માટીના લોંદામાંથી સરસ મજાની શિરોહી, કૂંજો, ઘડો બને તેમ છોકરીઓ કેળવણીમાં અવ્વલ થતી ગઇ!!ગામજનો તેની કામગીરીથી અભિભૂત થયા. સામે પક્ષે પરેશભાઇને હદયમાં વાલ્વની તકલીફ થઇ તો ગામજનો પરેશભાઇને પડખે ઉભા રહ્યા એને મુંબઇ ખાતેની સારવારનો ખર્ચ ઉપાડી લીધો. પરિણામે પરેશભાઇ પુનઃ સ્વસ્થ થયા!! ચુનડી ગામે સરપંચશ્રી, પદાધિકારીઓ, આચાર્ય શ્રી મુકેશભાઈ શિક્ષકો, ભૂતપૂર્વ શિક્ષક પરેશભાઇ,બીઆરસી ભરતભાઇ પટોડિયા, સીઆરસી નંદાસણિયા એન્ડ માય સેલ્ફ દ્વારા આંગણવાડી અને પ્રથમ ધોરણમાં પ્રવેશ અપાવ્યો. શાળામાં મહતમ હાજરી આપનાર છાત્ર-છાત્રાઓ અને તેજસ્વી છાત્ર-છાત્રાઓને ઇનામ અપાયા. સરસ વસ્ત્રાલંકારોથી સજજધજજ બાળાઓએ સુંદર અને ભાવવાહી સ્વાગત ગીત રજૂ કર્યો!! હે ભરત! આનાથી સવિશેષ સાત્વિક આનંદ કયો હોઇ શકે??

દહીસરા શાળા

"માની ખપે"એક જગ્યાએ મને પૂછવામાં આવ્યું. હું મુંઝાયો. માની શું એ ખબર નહીં. હા પાડું તો હાથ કપાય અને ના પાડું તો નાક કપાય. મેં યજમાનને પૂછયું માની એટલે શું? યજમાને કહ્યું કે રોટલીને કચ્છી બોલીમાં માની કહે છે. થાક ને સાંગ કહે છે. કુણે ભણતો જો એટલે શું કહે છે? કુણે જાણતો જો એટલે કયાં છે? 'ભો ભો' એટલે જપો!અચાતો એટલે અહીં.ત્રણ દિવસમાં માણસ કેટલી કચ્છી બોલી આત્મસાત કરે? પણ કચ્છી ખપેચો!!!

ભૂજ તાલુકાના દહીસરા ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ



કાર્યક્રમનું આયોજન . કુમાર અને કન્યાશાળાનો પ્રવેશોત્સવ. ગામની વસ્તી દસ હજાર ઉપરાંત. પટેલોની વસ્તી વધુ છે. દરેકના કપોલ પ્રદેશમાં ભગવાન નરનારાયણ ગોપિકાવલ્લભનું તિલક છે!! પાકી કમ્પાઉન્ડવોલ ધરાવતું શાળા સંકુલ છે. સરસ મજાનું ષોડશી કન્યા જેવી શાળાની ઈમારત છે. એક છેડે રમતગમતના સાધનો છે. છોકરાઓ ચકડોળ જેવા સાધનમાં રમે છે. આંખ ઠરે તેવું સાક્ષાત અલકાપુરી જેવુ મકાનને કલર કરવા અને રીનોવેશન કરવા એનઆરઆઇ દાતા શાંતિલાલે ભંડારીએ ખણખણતા દસ લાખ રૂપિયા હ્રદયે થડકો અનુભવ્યા સિવાય દાન આપ્યા છે. લાવ લાવ લાવ જેવા ઋગ્ણ વાતાવરણમાં કમાયેલી કમાણીનો સમાજોપયોગી કામ માટે જેમ સાપ કાંચળી ઉતારે તેમ સહજતાથી ત્યાગ કરવો એ જ સ્થિતપ્રજ્ઞનું લક્ષણ છે. આવું નામ જ ત્યાગીને ભોગવવું ભગવદ ગીતામાં સંબોધાયેલું છે!!!

કન્યા કેળવણી પ્રવેશાત્સવને શાનદાર કરવા વિધાર્થી, શિક્ષકો, દાતાઓ, ગ્રામજનોંએ લોહી-પાણી એક કર્યું છે તેમ કહીએ તો અસ્થાને લેખાશે નહીં. કાર્યક્રમ દરમિયાન દાતાઓએ પ્રવેશપાત્ર કન્યા- કુમારને રોકડ ઈનામ, ગણવેશ આપવાની સ્વયંભૂ જાહેરાત કરી. દાતાઓ બાળકોને પ્રવાસે જવાનો ખર્ચ પણ ઉઠાવે છે. આવા જગડુશા કે ભામાશાને સન્માનિત કરાયા. પચાસથી વધુ બાળકોને પ્રથમ

ધોરણમાં પ્રવેશ અપાયો. કીડસને કીટ આપી! મહતમ હાજરી માટે ઈનામો આપ્યા . તેજસ્વી-?ઓજસ્વી વિધાર્થીઓને ઈનામો આપ્યા.મનફાવે તેવા-કાનને સાંભળવા

ગમે ભાષણો ભરડ્યા. વૃક્ષારોપણ ક્રર્યા. વિધાર્થીઓને લાવવા-જવામાટેના ટ્રાંસપોર્ટેશન માટેના વાહનને લીલી ઝંડી દેખાડી શુભારંભ કરાવ્યો . એસએમસીના બેઠક કરી. માત્ર દોઢ કલાકમાં સચિવાલયનો બાપડો સંયુક્ત સચિવ મેરેથોન દોડ સિવાય શું કરી શકે?? ( વિજેતા થયો કે છેલ્લા નંબરે તે તમે જ કહી શકો. કહેજો!!)

અંતમાં એટલું જ કહીંશ કે અસાંજો માભો કુરો!!

મેઘપર શાળા-૧

જગતમાં જો ક્યાંય સ્વર્ગ છે તો અહીં છે આવી એક ફારસી પંક્તિ છે. હકીકતમાં સ્વર્ગ કે નર્કના તર્કનો અર્ક કલ્પના -હકીકતનો ફર્ક છે! અટપટું લાગે છે ને? દુનિયા અલાઉદીનના ચિરાગ કે અરેબિયન નાઇટસ જેવી તિલસ્મી છે. કૌરવોએ પાંડવોને ખાંડવવન જેવો સરકારી ખરાબાની પડતર જમીન જેવો જમીનનો ટુકડો આપેલ. જયાં મય જેવા અદ્ભૂત સ્થપતિએ ઇન્દ્રપ્રસ્થ જેવાભૂતો ન ભવિષ્યતિ નગરનું નિર્માણ કરેલ. આ નગરમાં ધર્મરાજ યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરેલો. જેમાં ઓલટાઇમ ગ્રેટ વિલન કિંગ દુર્યોધનને આમંત્રણ આપેલ.

દુર્યોધન આવ્યો પણ હતો. સ્થળ પર જળાભાસને લીધે દુર્યોધન હાથથી ધોતી સહેજ ઊંચી લે છે, જેથી ધોતી પલળી ન જાય. આ દ્રશ્ય જોઇ અટાલિકામાં ઉભેલી દ્રૌપદી અટ્ટહાસ્ય કરીને મર્મભેદી કથન ઉચ્ચારે છે કે આંધળાના આંધળા હોય!! તેનો ઈશારો જન્માંધ અને પુત્રના મોહાંધ ધુતરાષ્ટ્ર તરફ હતો. ધુતરાષ્ટ્રના પુત્ર દુર્યોધન અંધ હોય તેવું આ કથનનાં ઈંગિત છે. જે ભવિષ્યમાં મહાભારતના યુધ્ધનું કારણ બને છે!!

અત્રે આ પિષ્ટિપિંજણ સમયોચિત છે કે કેમ તેવો ઔચિત્યિક સવાલ ઉપસ્થિત થાય!!

કન્યા કેળવણી પ્રવેશોત્સવના અંતિમ ચરણના અંતિમ ગામ મેઘપર પ્રાથમિક શાળા સંકુલમાં પ્રવેશ કરો એટલે મયદાનવ રચિત ઈન્દ્રપ્રસ્થમાં પ્રવેશ કર્યો હોય તેવું લાગે!!

મેઘપરની પ્રાથમિક શાળા રાજ્યની અન્ય શાળાની સરખામણીએ અલાયદી અને સ્પેશિયલ છે. જેના માટે એક શખ્સ કે ઇસમ નાઓ જવાબદાર છે. જેનું નામ અનિલભાઇ દરજી છે. અનિલભાઇ દરજી વાસ્તવમાં જલકમલવત, અનાસક્ત અને સ્થિતપ્રજ્ઞ મહર્ષિ સમાન છે. સદરા જેવું અર્ધી બાંયનુ પહેરણ, ઈન્શર્ટ કર્યા વિનાનું કોથળા જેવું ઢીલુંઢસ પેન્ટ. અર્ધા શ્વેત-?શ્યામ કેશ.અનિલભાઇ પ્રથમ નજરે કોઇને ગજવેલ લોંઢું ન લાગે.અનિલભાઇ શાળાના આચાર્ય હતા. આ શાળામાં એચટાટ પાસ થયેલ સુ.શ્રી તૃપ્તિબેન દવેની આચાર્ય તરીકે નિમણૂક થઇ. તૃપ્તિબેન શીલભદ્ર સન્નારી છે!! હાજર થયા એ દિવસથી આજદિન સુધી સિનિયર એવા અનિલભાઈની વડીલ તરીકેની આમન્યા રાખી છે. તૃપ્તિબેન આચાર્યની ખુરશી પર બેસવા કાયદેસર હકદાર હોવા છતાં કદી સ્વેચ્છાએ આજદિન સુધી આચાર્યની ખુરશી પર બિરાજમાન થયા નથી અને હરહંમેશ અનિલભાઇને સન્માનપૂર્વક આચાર્યની ખુરશી પર હઠાગ્રહથી બેસાડ્યા છે.સામા પક્ષે અનિલભાઇએ તૃપ્તિબેન સગી દિકરી ન હોવા દિકરી કરતાં સવાયું હેત વરસાવ્યું છે. તૃપ્તિબેનને પ્લેઝન્ટ સરપ્રાઇઝ આપવા અનિલભાઇએ આચાર્યની ખુરશી જેવી જ ખુરશીનો ઓર્ડર આપ્યો!!આમ, બાપદિકરીની જોડીએ તરખાટ મચાવ્યો છે.

મેઘપર શાળાએ ખુદની બે કોમ્પ્યુટર એપ ડેવલપ કરી છે.પ્રાયમરી સ્કૂલે કોમ્પ્યુટર એપ ડેવલપ કરી હોય તેવી વિરલ પ્રથમ ઘટના છે!! વાલી-વિધાર્થી માટે સ્અ જીષ્ઠર્ઙ્મ એપ છે. વિધાર્થી રજા ચિઠી ઓનલાઇન મુકે છે. આ એપમાં બાળક પ્રવેશ કરે ત્યારે એકજ વાર એન્ટ્રી કરવી પડે છે.શિક્ષકો માટે એપ છે. જેમાં વિધાર્થીને એસાઇનમેન્ટ, સૂચના, ટાઇમટેબલ આપી શકે .આપણે અભિનંદન કેમ ન આપીએ?

રાજયમાં મહત્વાકાંક્ષી જ્ઞાનકુંજ પ્રોજેકટ અમલમાં મુકયો તેની વિભાવના મેઘપ સ્કૂલ છે. એક નાના ગામની શાળા સમગ્ર રાજયની રાહબર બને તે નાનીસુની સિધ્ધિ નથી.આ સિધ્ધિનું પ્રેરક કે ચાલકબળ અનિલભાઇ, તૃપ્તિબેન, અન્ય શિક્ષકો છે. ચાલો એની પીઠ થાબડીએ! એટલીસ્ટ આટલું તો કરી શકીએ.

શાળા પાસે ફૂલફલેજડ ૨૫૦ લિટરનો ફિલ્ટર પ્લાંટ છે. બે માળની શાળામાં બાળકો પાણી પીવા દોડાદોડ ન કરે તે માટે બંને માળે ચિલ્ડ ફિલ્ટર્ડ પીવાના પાણીની વ્યવસ્થા છે. રાજયની કોઇ પણ શાળામાં ફિલ્ટર પ્લાંટ નથી. આવા ઇનોવેટીવ આઇડીયાઝ માટે લાગતાવળગતાને સો સો સલામ!!

સબૂર . કલેપિંગ માટે તમારા હાથ સાબુત રાખજો. અહીં આવ્યા પછી અવઢવ રહે કે વિધાલય શ્રેષ્ઠ કે શૌચાલય? તમને હું કે મારો સવાલ ઘનચક્કર લાગશે. મારામાં તમને હરિશ્ચંદ્ર જેવું ચાંડાલાત્વ લાગશે! જેમાં દોષ તમારી સોચ કે શૌચનો છે!!! એનઆરઆઇ દાતાઓએ સતર લાખ રૂપિયાના ખર્ચે અલ્ટ્રો મોડર્ન શબ્દ નાનો લાગે તેવા વલર્ડ કલાસ ટોઇલેટ યુનિટ બનાવ્યા છે.

જે એરપોર્ટ કે દેશની રાજધાની દિલ્હીમાં હશે. વહીવટના સર્વોચ્ચ સ્થાન એવા સચિવાલયમાં આ પ્રકારના મળમૂત્રત્યાગમંદિરો નથી તેવું હું દાવા સાથે કહી શકું છું. શાળા પરિસરની મુલાકાત સમયે નાનામાં નાની વિગતો ચિવટથી આપવાની તૃપ્તિબેનની ધગશથી અભિભૂત થઇ જવા સિવાય વિકલ્પ નથી!! આ ગામના સરપંચ શ્રી નાગશીભાઇ મહેશ્વરી છે. સરપંચબહુશ્રુત વિદ્વાન છે. શાળા માટે અપાર સ્નેહ છે. શાળાની ખૂટતી જરૂરિયાત માટે તાલુકા-જિલ્લા સદસ્યોન ગ્રાન્ટમાંથી ત્રણ લાખ મંજૂર કરાવી લાવ્યા છે.

સરપંચશ્રી નાતિજાતિની વાડાબંધી - પાડાબંધીની સરહદોનું અતિક્રમણ કરવામા સફળ રહ્યા છે. જન્મે અનુસૂચિત જાતિના છે. અનામત સીટ પર ચૂંટણી લડવી જીતના દ્રષ્ટિકોણથી સો ટકા સલામત હોવા છતાં અપ્રતિમ અને જવલ્લે જ જોવા મળે એવું અપ્રમેય સાહસ કરી જનરલ સીટ પર ચૂંટણી લડી સરપંચ બન્યા છે!!

બાકી તો આંગણવાડી તેમ જ પહેલાં ધોરણમાં ભૂલકાઓને પ્રવેશ આપવા, તેજસ્વી છાત્રોને -શાળામાં મહતમ હાજર રહેનાર બાળકોને ઈનામ આપવા, નવપ્રસુતાને પોષણ કીટ આપવી, દાતાઓનું સન્માન , એસએમસીની બેઠક કરી.

મારી સાથે તાલુકા શિક્ષણ અધિકારીશ્રી વછરા,બીઆરસી ભરતભાઇ, સીઆરસી નંદાસણિયા હાજર? રહ્યા હતા. અમે સરસ મજાનું ભાષણ આપી આવતા જન્મમાં મેઘપર શાળામાં અને વિશેષ કરીને તૃપ્તિબેન પાસે ભણવાની મહેચ્છા વ્યક્ત કરી. હવે દડો હરિના હાથમાં છે! જય મેઘપર.જય કન્યા કેળવણી પ્રવેશોત્સવ!!

ભરત વૈષ્ણવ

## ભગવાન જગન્નાથજીની ૧૪૫મી રથયાત્રા

## ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે જગન્નાથ મંદિરમાં ધ્વજારોહણ, નેત્રોત્સવ વિધિ અને મહાઆરતી સમ્પન્ન થઈ



**નેત્રોત્સવ વિધિ નિમિત્તે ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટિલ તથા રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મુકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિએ નગરજનોનો ઉત્સાહ વધાર્યો**

**ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી**

- અમદાવાદ પોલીસે સુરક્ષા વ્યવસ્થામાં તમામ સમાજને સાથે રાખીને સોશિયલ પોલીસિંગનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે
- તમામ સમાજના લોકો નગરચર્યાએ નીકળતા ભગવાન જગન્નાથજીને વધાવે છે.
- ધ્વજારોહણનો અવસર મળ્યો, એને મારું સદભાગ્ય માનું છું
- જગન્નાથજીને પ્રાર્થના કરી કે નાગરિકોના સહયોગથી ગુજરાત વિકાસ કરે અને ભાઈચારાનો સંદેશો દેશભરમાં આપે

ભગવાન જગન્નાથજીની ૧૪૫મી રથયાત્રાની તડામાર તૈયારીઓ સમગ્ર અમદાવાદ શહેરમાં ચાલી રહી છે ત્યારે ગુજરાત રાજ્યના ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જગન્નાથ મંદિરે નેત્રોત્સવ વિધિમાં ઉપસ્થિત રહ્યા. મંત્રીશ્રીના વરદ હસ્તે મંદિરમાં ધ્વજારોહણ અને મહાઆરતી પણ સમ્પન્ન થઈ.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે માત્ર અમદાવાદમાં જ નહિ, પરંતુ સમગ્ર રાજ્યમાં એક જ ધૂન ગૂંજી રહી છે કે 'ગુજરાતનો નાથ મારો રાજા રણછોડ છે... તેણે મને માયા લગાડી છે... ' અમદાવાદના શહેરજનો માટે આસ્થાનું કેન્દ્ર એટલે ભગવાન જગન્નાથજીનું મંદિર અને જગન્નાથજીની રથયાત્રા એટલે આસ્થા અને વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ.. ૨૫,૦૦૦થી વધારે જવાનો સલામતી-સુરક્ષા માટે તૈનાત કરાયા છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે આસ્થા અને વ્યવસ્થા ઉપરાંત આ વર્ષે સોશિયલ પોલીસિંગનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તમામ સમાજની મહિલાઓ, યુવાનો, સામાજિક – ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે ૩૫૦થી વધારે બેઠકો યોજવામાં આવી છે. અમદાવાદ પોલીસે રથયાત્રાની સુરક્ષા વ્યવસ્થામાં તમામ સમાજને સાથે રાખીને સોશિયલ પોલીસિંગનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે આજે ભગવાન જગન્નાથજીના મંદિરમાં ધ્વજારોહણ અર્પણ કરવાની તક મને પહેલી વાર મળી, તેને મારું સદભાગ્ય માનું છું. તમામ નાગરિકો અને સરકારના સહયોગથી ગુજરાત વધુમાં વધુ આગળ વધે અને ભાઈચારાનો સંદેશ દેશભરમાં આપે, એવી પ્રાર્થના જગન્નાથજીને મેં કરી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે અમદાવાદના લોકોની આત્મીયતા સાથે જોડાયેલી જગન્નાથજીની યાત્રા દેશની વિશિષ્ટ યાત્રા છે, જેમાં વિવિધ સમાજના લાખો લોકો દર્શન કરવા આવે છે. અમદાવાદના જ નહિ, રાજ્યભરના અને સમગ્ર દેશમાંથી લોકો આ યાત્રામાં જોડાય છે. શહેરના દરેક ઘરના દરવાજા ખુલ્લા હોય છે. બહારના અજાણ્યા લોકો પણ મહેમાન ગણાય છે. મહેમાનોને પ્રસાદ રૂપે ભોજન પીરસાય છે. તમામ સમાજના આગેવાનોએ યાત્રાના સ્વાગત માટે ભરપૂર તૈયારી કરી છે. અમદાવાદમાં રથયાત્રા માટે અદભુત ઉત્સાહ જોવા મળી રહ્યો છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

સુરક્ષા વ્યવસ્થા અંગે તેમણે જણાવ્યું હતું કે રથયાત્રાની સુરક્ષા માટે ગુજરાતના ચુનંદા પોલીસ અધિકારીઓને તૈનાત કરાયા છે. પોલીસે અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને યાત્રાની સુરક્ષા સુનિશ્ચિત બનાવી છે. સીસીટીવી કેમેરા, બોડી વૉર્મ કેમેરા, ડ્રોન, હેલિકોપ્ટરથી ચાંપતી નજર રખાશે અને પળે પળની લાઇવ જાણકારી પોલીસ કન્ટ્રોલ રૂમમાં મળતી રહેશે. ૨૫,૦૦૦ પોલીસ જવાનો તૈનાત કરાયા છે. અમદાવાદ પોલીસે ધાબા ચોકી, ડીપ પોઈન્ટ વગેરે આવરી લઈને શહેરના ખૂણે ખૂણે બંદોબસ્ત કર્યો છે.

આ અવસરે ભાજપના પ્રદેશ પ્રમુખ અને નવસારીના સાંસદ શ્રી સી.આર. પાટિલ, રાજ્ય કક્ષાના મંત્રી, કૃષિ, ઊર્જા અને પેટ્રોલિયમ, શ્રી મુકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિએ નગરજનોનો ઉત્સાહ વધાર્યો હતો. અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ધારાસભ્યશ્રીઓ, અમ્યુકોના પદાધિકારીઓ, સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## એલઆરડી ભરતી : અમે ૧૦ હજારથી વધુ જગ્યાઓ સામે ૨૧ હજારથી વધુને બોલાવાયા છે : બોર્ડના ચેરમેન

ગાંધીનગર,તા.૨૯

લોકરક્ષક ભરતી દળ પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયું છે. લોકરક્ષક ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે આજે પ્રેસ કોન્ફરન્સ કરીને વિગતવાર માહિતી આપી છે. તેમણે જણાવ્યું હતું કે લોક રક્ષક ભરતી પરીક્ષાના ગુણ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન લિસ્ટ જાહેર કર્યું છે. જે તે કેટેગરીના જગ્યા કરતા બમણા ઉમેદવારોને બોલાવવામાં આવ્યા છે.

લોકરક્ષક ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું હતું કે, અમે ૧૦ હજારથી વધુ જગ્યાઓ સામે ૨૧ હજારથી વધુને બોલાવાયા છે.

જેમણા ડોક્યુમેન્ટ વેરિફિકેશન જૂલાઇ મહિનામાં થશે.

જેનો અલગથી કોલલેટર મોકલાશે પીએસઆઈની પરીક્ષા આપનારનું આખરી પરિણામ આવ્યા બાદ તેમને લોકરક્ષક ભરતીની ડોક્યુમેંટ ચકાસણી માટે બોલાવાશે. લોકરક્ષકમાં વેઈટીંગ લિસ્ટ હોતું નથી. ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે તેમને પસંદગીનો વિકલ્પ મળશે. તમે શેમાં જવા માંગો છો તેનો પસંદગી ક્રમ વેરિફિકેશન સમયે લેવાશે. ફાઇનલ યાદી સમયે તે અંગે ફરી જાહેરાત થશે.

હસમુખ પટેલે જણાવ્યું હતું કે, લોકરક્ષક ભરતી દળ પરીક્ષામાં ગેરરીતિ કરનાર ૧૪ ઉમેદવારોને ગેરલાયક ઠેરવ્યા છે. તેમની યાદી વેબસાઈટ પર મૂકી છે. તેમને આગામી પરીક્ષાઓમાંથી ગેરલાયક ઠેરવવા રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી છે.

૨૦ ઓગસ્ટ આસપાસ અમે અંતિમ યાદી જાહેર કરી શકીશું. પણ તે પીએસઆઇના પરિણામ બાદ સ્પષ્ટ થશે.

આ વખતે બોર્ડે નિર્ણય કર્યો છે કે જે લોકો કોઈપણ રીતે ગુનામાં સંડોવાયેલા છે તેમને પૂરતી તક આપીને ગેરલાયક ઠેરવીએ છીએ. ગઇકાલે વેબસાઈટ પર એ વિગતો મૂકી છે.

## ગાંધીનગર નજીક રૂપાલ ગામના વિશ્વ વિખ્યાત વરદાયનિ માતાજી મંદિરનો કેન્દ્ર સરકારની પ્રસાદ યોજનામાં સમાવાશે

### આ મંદિરને આસ્થાના કેન્દ્ર સાથે સાથે પર્યટક સ્થળ તરીકે વિકાસ આ યોજના થકી થશે

**અષાઢી બીજે રૂપાલ ગામ ખાતેથી કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે રૂપાલ અને વાસણ ગામના તળાવના બ્યુટિફિકેશન કામનું ખાતમુહૂર્ત કરાશે**

**અષાઢી બીજના પાવન પર્વે રૂપાલ ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહની રજતતુલા કરાશે : નવ દાતાશ્રીઓ દ્વારા રજતતુલા માટે ૧૨૦ કિલોગ્રામ ચાંદી દાનમાં આપ્યું**

ગાંધીનગરઃ બુધવારઃ

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામ ખાતે આવેલા વરદાયનિ માતાજી મંદિરને કેન્દ્ર સરકારની પ્રસાદ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના થકી આ મંદિરનો વિકાસ એક આસ્થા કેન્દ્ર સાથે ટુરિઝમની રીતે આગામી સમયમાં કરવામાં આવશે, તેવું આજરોજ વરદાયનિ માતાજી મંદિરના ટ્રસ્ટી શ્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું.

વરદાયનિ માતાજી મંદિરના ટ્રસ્ટી શ્રી નિતીનભાઇ પટેલે વધુમાં જણાવ્યું છે કે, રાજયના સપૂત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન અને સૂચનથી કેન્દ્ર સરકારની પ્રસાદ યોજના હેઠળ આ મંદિરનો વિકાસ કરવામાં આવનાર છે. આ યોજના થકી આ મંદિર ખાતે તેના બ્યુટીફિકેશન, ગાર્ડન, રહેવાની સુવિઘા, પાર્કિંગ, ભોજન સહિત તમામ જરૂરિયાતને લક્ષીમાં રાખી વિકાસ કરવામાં આવશે. કેન્દ્ર સરકારની આ યોજના થકી વરદાયનિ માતાજીનું મંદિર દેશભરમાં આસ્થાના કેન્દ્ર સાથે એક પર્યટક સ્થળ બની રહેશે.

તેમણે અષાઢી બીજના પાવન પર્વે ગામમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં યોજાનાર કામની વિગતો આપતાં જણાવ્યું હતું કે, તા. ૦૧, જુલાઇ, - અષાઢી બીજના દિવસે રૂપાલ ગામના તળાવ બ્યુટિફિકેશન કામનું ખાતમુર્હૂત કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઇ શાહના હસ્તે થનાર છે. આ સાથે રૂપાલથી નજીક આવેલા અને વાસણિયા મહાદેવથી વિશ્વ વિખ્યાત બનેલા વાસણ ગામના તળાવનું પણ બ્યુટિફિકેશન કાર્યનો આરંભ પણ આ સંકુલમાંથી કેન્દ્રીય મંત્રીશ્રી કરાવશે.

તેમણે જણાવ્યું હતું કે, શ્રી વરદાયિની માતા દેવસ્થાન સંસ્થાન, રૂપાલ દ્વારા કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઇ શાહનો રજતતુલા સન્માન સમારોહનું પણ તા. ૦૧ જુલાઇના રોજ આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં કેન્દ્રીય મંત્રીશ્રીને દાતાશ્રીઓ દ્વારા તેમને તેમના વજન જેટલા ચાંદીથી તોલવામાં આવશે. મંત્રીશ્રી આ તમામ ચાંદી મંદિરમાં દાન સ્વરૂપે અર્પણ કરશે. આ તમામ ચાંદીના રૂપિયા મંદિરના વિકાસ કાર્યમાં ખર્ચે કરવામાં આવશે. હાલમાં દાતાશ્રીઓ દ્વારા ૧૨૦ કિલોગ્રામ ચાંદી નવ દાતઓ દ્વારા આપવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યુ હતું કે, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગામની આસપાસના વિસ્તારમાં ૭૫ વર્ક્ષોનું વાવેતર કરી તેની જાળવણી કરી મોટા કરવાનું ઉમદા કાર્ય પણ કેન્દ્રીય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગ્રામજનો દ્વારા કરવામાં આવશે. તેમજ ગામની વડીલ મહિલાઓ દ્વારા કેન્દ્રીય મંત્રીશ્રીને આર્શીવાદ પાઠવવામાં આવશે. રૂપાલ ગામ ખાતે ભરાતા પલ્લી મેળાની પ્રતિકૃતિ પલ્લી આપવામાં આવશે.

## પાટણઃ પ્રતિષ્ઠિત વ્યક્તિને હનીટ્રેપમાં ફસાવી લાખો રૂપિયા પડાવનાર ચાર લોકોની ધરપકડ

પાટણ,તા.૨૯

આજકાલ હનીટ્રેપના અનેક કિસ્સા સામે આવી રહ્યા છે. આ ઉપરાંત વીડિયો કૉલ કરીને બીભત્સ હરકતો કરીને તેનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને પૈસા પડાવવાના કિસ્સા પણ વધી રહ્યા છે. થોડા દિવસ પહેલા હારિજના એક પ્રતિષ્ઠિત વ્યક્તિને એક ટોળકીએ હનીટ્રેપમાં ફસાવ્યો હતો. એટલું જ નહીં, ટોળકીએ આ વ્યક્તિ પાસેથી લાખો રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે પોલીસ ફરિયાદ દાખલ થતા પોલીસે તપાસ કરીને ચાર આરોપીની ધરપકડ કરી છે. ધરપકડ કરવામાં આવેલા ચાર લોકોમાં બે યુવતીનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે પાટણમાં આ પહેલા ભદ્ર કચેરી વિસ્તારમાં રહેતા ખેડૂત અને જમીન લે-વેચ કરતા બિલ્ડર સાથે પણ હનીટ્રેપની ઘટના બની હતી.મળતી માહિતી પ્રમાણે પાટણી લોકલ ક્રાઇમ બ્રાંચ પોલીસે હનીટ્રેપમાં ફસાવતી ગેંગના ચાર લોકોની ધરપકડ કરી છે. આ ગેંગે થોડા દિવસ પહેલા હારિજના એક પ્રતિષ્ઠિત વ્યક્તિને હનીટ્રેપમાં ફસાવ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.